
# વિશ્વવિહાર

વર્ષ : 28 * અંક : 2 * નવેમ્બર 2025 * કિં. ₹ 15





આગવું સંશોધનભવન
વિશ્વકોશની નવી પહેલ



આરંભનો આનંદ



'સાહિત્યકારો અને કલાકારો સાથેના મારા અનુભવો' વિશે
શ્રી શાહબુદ્દીન રાઠોડ



કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રોતાગણ

આ ક્યૂ આર કોડ સ્કૅન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org

છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)

[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

આજની વાત

# ચાર દાયકાની સફર

પ્રવીણ ક. લહેરી

સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતી ભાષાના મહાકવિ પ્રેમાનંદે માતૃભાષાની દયનીય સ્થિતિ આ શબ્દોમાં વર્ણવી હતી :

'એ તબે કા સોલ હી આના, અઠે કઠે કા બાર,
ઈકડમ્ તિકડમ્ આઠ હી આના, શું શા પૈસા ચાર'

કવિ હરીશ મીનાશ્રુએ એક કાવ્યમાં આપણી માતૃભાષાના સ્તર અંગે વ્યથા રજૂ કરતાં લખ્યું છે : 'વજન વિનાની ભાષાને તું જા, કાયમ વેંઢાર... કરું શું ? વાણીની પણ વરાળ થૈ ગૈ, તતડે કૈંક વિચાર...કરું શું ?'

ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવા અને આવાં જૂનાં મહેણાં ટાળવા માટે ગુજરાતના સારસ્વત ડૉ. ધીરુભાઈ ઠાકરે વ્યાપારકુશળ ગુજરાતી પ્રજાનું દારિદ્ર મિટાવવાનું ભગીરથ બીડું ઝડપ્યું. આજના વૈશ્વિકીકરણ અને સ્પર્ધાત્મક યુગમાં અનેક સ્થાનિક ભાષાઓ સંસ્થાનવાદે થોપેલી ભાષાના કારણે તેના વિકાસ અને અસ્તિત્વ માટે સંઘર્ષ કરે છે. વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીએ સંપર્ક અને સંવાદ માટે પરંપરાગત રીતે છપાયેલાં પુસ્તકો, સામયિકોની જગ્યાએ મોબાઈલ ફોન અને કમ્પ્યૂટર આધારિત સંદેશા-વ્યવહારનો ઉપયોગ વ્યાપક થયો છે. ખૂબ ઝડપથી પરિવર્તન પામતા સમયમાં ગુજરાતી ભાષાને વિશ્વકોશ (એનસાઈક્લોપીડિયા) આપવા માટે ડૉ. ધીરુભાઈ ઠાકરે ૧૯૮૫ની ડિસેમ્બરની બીજી તારીખે શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈના અધ્યક્ષપદે ગુજરાત વિશ્વકોશની સ્થાપના કરી. ઓછું ભણતર પણ ખૂબ સારી કોઠાસૂઝવાળા ગુજરાતના ગૌરવ સમા શ્રી સાંકળચંદભાઈએ તન, મન અને ધનથી સહયોગ આપવા હૈયાધારણ આપી. ૬૭ વર્ષની વય વટાવી ચૂકેલા ડૉ. ધીરુભાઈ માટે આ વિશાળ પ્રકલ્પને સાકાર કરવાનું કામ દુષ્કર હતું. ડૉ. ધીરુભાઈ ઠાકરે આ સંસ્થાની શરૂઆત અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના એચ. એલ. કૉમર્સ કૉલેજ હૉસ્ટેલના ભોજનગૃહમાં કરી. ગુજરાત સરકારે સહયોગ કરીને જમીન ફાળવી અને ગ્રાન્ટ આપી જેથી વિશ્વકોશની કામગીરી અનેક અવરોધો પાર કરી પૂર્ણતાના આરે પહોંચી. આ કાર્યમાં જુદા જુદા વિષયો પર ગુજરાતના વિદ્વાનોએ આધારભૂત માહિતી સાથે સચોટ લખાણો કરી વિશ્વકોશ તૈયાર કરવામાં ભારે પરિશ્રમ કર્યો. ગુજરાતના સંતોમાંથી પૂજ્ય મોટા અને પૂજ્ય પ્રમુખસ્વામીના આશીર્વાદે ગુજરાતની અસ્મિતાને નિખારવાના આ કાર્યને વેગ આપ્યો. પૂજ્ય પ્રમુખસ્વામીએ તારીખ બીજી ડિસેમ્બર (ગુજરાત વિશ્વકોશના પાંચમા સ્થાપના દિવસે), ૧૯૮૯ના રોજ પ્રથમ ગ્રંથનું લોકાર્પણ કર્યું અને તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ અંતિમ ગ્રંથનું લોકાર્પણ પૂજ્ય શ્રી મોરારિબાપુએ કર્યું. ૨૪ વર્ષની ડૉ. ધીરુભાઈની અવિરત સાધના અને સેંકડો તજ્જ્ઞોના સહયોગથી ૨૬ ગ્રંથોમાં

૨૬,૦૦૦ પાનાંઓમાં ૨૪,૦૦૦થી વધારે અધિકરણો પરની માહિતી સાથે જે પ્રકાશનો થયાં તે ગુજરાતી ભાષાનાં આભૂષણરૂપ છે.

એકવીસમી સદીના પ્રારંભથી જ ડિજિટલ ક્રાંતિ સાથે ઇન્ટરનેટ પર કલ્પનાતીત માહિતીનો ભંડાર આંગળીના ટેરવે ઉપલબ્ધ થયો. ગૂગલ, વિકીપીડિયા, માઇક્રોસૉફ્ટ દ્વારા માહિતી સાથે ચિત્રો અને ભાષાંતરની સુવિધા પ્રાપ્ત થતાં સૌ કોઈ માટે તમામ બાબતો અંગેનું સંશોધન સરળ અને ઝડપી બન્યું. ગુજરાત વિશ્વકોશે સમય પારખીને વિશ્વકોશના તમામ ગ્રંથોની સામગ્રીને ડિજિટલ કરીને http://gujarativishwakosh.org પર ઉપલબ્ધ કરાવી છે. આનો લાભ વિશ્વના અનેક દેશોના ગુજરાતી સહિત દર મહિને છ લાખ લોકો લે છે. ગુજરાત વિશ્વકોશના ગ્રંથોને સતત અદ્યતન રાખવાની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. અગાઉના ગ્રંથોની સમીક્ષા કરી તેની નવસંસ્કરણ આવૃત્તિઓના પ્રકાશનની કામગીરી પણ કરવામાં આવી હતી. ગુજરાતી ભાષાના ભવિષ્ય અંગે ચિંતા કરતા સૌ માતૃભાષાપ્રેમીઓને મારે એટલું જ કહેવું છે કે ચિંતા કરવાની સાથે માતૃભાષાના વિકાસ માટે સતત કાર્યરત રહીએ. ગુજરાતની ૭ કરોડની જનતામાંથી અંગ્રેજી જાણતી વ્યક્તિઓની ટકાવારી માત્ર ૧૨ની છે. બાકીના ૮૮ ટકા લોકો (૬ કરોડથી વધુ) માટે તો ગુજરાતી ભાષા જ સંવાદનું માધ્યમ છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ આજે ૪૦ વર્ષની સફર બાદ નમ્રપણે દાવો કરી શકે કે સૌના સહયોગથી તેમણે ગુજરાતી ભાષાની ગરિમા વધારી છે.

વિશ્વકોશની સામગ્રી વયસ્ક વ્યક્તિઓને ધ્યાનમાં રાખી તૈયાર થઈ છે ત્યારે બાળકોને માતૃભાષા થકી વિશ્વની અનેકવિધ માહિતી રસપ્રદ રીતે ઉપલબ્ધ કરાવવા માટે

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ચાર દાયકાની સફર | ૩ | પ્રવીણ ક. લહેરી |
| સરદારપુત્રીની અનન્ય અક્ષરછબી ! | ૭ | કુમારપાળ દેસાઈ |
| ઓહ મેકોંગ ! | ૧૧ | ભારતી રાણે |
| ચાલો, અંદરના બાળકને ઓળખીએ ! | ૧૪ | પ્રીતિ શાહ |
| હવે દિવાળી પછી... | ૧૭ | રતિલાલ બોરીસાગર |
| નવો ફોન ક્યારે ખરીદવો ? | ૧૯ | હર્ષ મેસવાણિયા |
| કારાવાસમાં કાર્બનડાયૉક્સાઇડ | ૨૨ | ચિંતન ભટ્ટ |
| ધ્યેય નક્કી કરીને એને વળગી રહો | ૨૫ | કૃષ્ણકાંત ઉનડકટ |
| શંખેશ્વરના સ્વામી શ્રી પાર્શ્વનાથપ્રભુ | ૨૭ | સુધા ભટ્ટ |
| આકાર અને ઉપયોગિતા | ૩૦ | હેમંત વાળા |
| વક્તૃત્વ સજ્જતા અભિયાન : દ્વિતીય સોપાન | ૩૨ | દર્શા કિકાણી |
| વિશ્વકોશવૃત્ત | ૩૪ | – |

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે બાળવિશ્વકોશના ૧૦ ગ્રંથો રંગીન પૃષ્ઠોમાં સચિત્ર તૈયાર કર્યા છે. કુલ ૨,૯૭૨ પાનાંમાં ૨,૩૫૦ લેખો, ૭૨૨ ચરિત્રો, ૬,૧૭૬ ચિત્રો, ૧૫૮ નકશાઓ અને ૪૧ આલેખો સાથે આ ગ્રંથો બાળકોના ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી રહ્યા છે.

ઈ. સ. ૧૮૫૭થી ૧૯૪૭ના આઝાદીઆંદોલનના ૪,૨૧૨ સ્વાતંત્ર્યસેનાનીઓનો પરિચય આપતો ગ્રંથ, માનવવિદ્યા અને સમાજવિદ્યાના અંગ્રેજી શબ્દોના ગુજરાતી પર્યાયો આપતો પરિભાષાકોશ, તબીબી વિજ્ઞાનનો પરિભાષાકોશ, બૃહદ નાટ્યકોશ દ્વારા માતૃભાષાની સમૃદ્ધિ વધારવામાં ગુજરાત વિશ્વકોશે પ્રયાસ કર્યા છે. નારીકોશ, સંતકોશ અને ગ્રંથાલય-વિજ્ઞાનકોશના ટૂંક સમયમાં થનારા પ્રકાશન થકી જ્ઞાનસેવાનો યજ્ઞ સદાય પ્રજ્વલિત રહે તે માટે ગુજરાત વિશ્વકોશ પ્રતિબદ્ધ છે.

ગ્રેટ બ્રિટનમાં ધંધાર્થે સ્થાયી થયેલા જાણીતા ઉદ્યોગપતિ શ્રી રતિલાલ ચંદરયાએ માતૃભાષા ગુજરાતીને સર્વગ્રાહી શબ્દકોશ આપવાનું અને તેને ડિજિટલ પ્લૅટફૉર્મ પર મૂકવાનું સ્વપ્ન સેવ્યું હતું. ૨૫ વર્ષની અવિરત જહેમત અને નોંધપાત્ર ખર્ચ કરીને ૪૫ લાખથી વધુ શબ્દો ધરાવતો સર્વપ્રથમ શબ્દકોશ ‘ગુજરાતી લૅક્સિકન’ www.gujaratilexicon.com પર ઑનલાઈન ઉપલબ્ધ છે. દરરોજ હજારો લોકો આ શબ્દકોશનો ઉપયોગ કરે છે. આ કામગીરી ચંદરયા પરિવારે ગુજરાત વિશ્વકોશને સુપરત કરી છે. સાહિત્ય, શિલ્પસ્થાપત્ય, વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, ગણિત, ભૂગોળ, ચરિત્રો, સ્વાસ્થ્ય, લોકકલા, નાટ્યશાસ્ત્ર સહિત અનેક વિષયો પર જુદી જુદી ગ્રંથશ્રેણીઓ હેઠળ કુલ ૧૧૫ પુસ્તકોનું પ્રકાશન ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે કર્યું છે. આ પુસ્તકોની આધારભૂત માહિતી વિદ્યાર્થીઓ, જિજ્ઞાસુઓ અને સંશોધકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

સાંપ્રત અને મહત્ત્વના વિષયોને આવરી લેતું માસિક ‘વિશ્વવિહાર’ છાપેલા સામયિક ઉપરાંત યૂટ્યૂબ ચૅનલ પર શ્રાવ્ય રૂપે પણ ઉપલબ્ધ છે. વિદેશમાં વસતા ગુજરાતીઓ માટે સેતુરૂપ ભૂમિકા અદા કરતું ‘ગુર્જરી ડાયજેસ્ટ’ના પ્રકાશનની જવાબદારી ગુજરાત વિશ્વકોશે સંભાળી છે. મહિલાઓના સર્વાંગી ઉત્કર્ષ માટે વિવિધ મહત્ત્વના વિષયોને આવરી લેતું ‘વિશ્વા’ એ મહિલાઓ દ્વારા, મહિલાઓ માટે થતું અનોખું પ્રકાશન છે. ધીરુબહેન પટેલની પ્રેરણાથી શરૂ થયેલું વિશ્વા કેન્દ્ર પણ આ મહિલાઓના ઉત્કર્ષ માટે કાર્યરત છે.

યૂટ્યૂબ પર દર રવિવારે ૧૦.૩૦ કલાકે બાળવાર્તા અને બાળગીતોની પ્રસ્તુતિ કરવામાં આવે છે તેમજ રોજેરોજ ફેસબુક અને વૉટ્સએપ દ્વારા વ્યક્તિચરિત્રો અને અન્ય ઉપયોગી માહિતી મૂકવામાં આવે છે. ઇન્સ્ટાગ્રામ પર પણ તેની પ્રવૃત્તિઓ મૂકવામાં આવે છે. વિશ્વકોશ ટ્રસ્ટે ૧૧૫ પ્રકાશિત ગ્રંથોમાંથી ૩૬ પુસ્તકો ઑનલાઈન ઉપલબ્ધ કરાવ્યાં છે.

કુલ ૧૧ પ્રવચનશ્રેણીઓ દ્વારા વિદ્વાન વક્તાઓ દ્વારા વિવિધ વિષયો પર ખૂબ ઉપયોગી માહિતી આપવામાં આવે છે. બ્રાહ્મી લિપિ જેવા પ્રાચીન વિષયથી

લઈને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવા આધુનિક વિષયો અંગે કાર્યશિબિરોનું આયોજન કરવામાં આવે છે. નાટ્ય, યોગ, કેલિગ્રાફી, રોબૉટિક ભયમુક્તિ સહિત અનેક વિષયોમાં યુવાઓની રુચિ કેળવવા માટે કાર્યશિબિરો મહત્ત્વની છે. શાળાનાં બાળકોના સર્વાંગી વિકાસમાં ઉપયોગી થાય તેવી ચિત્રસ્પર્ધા, નિબંધસ્પર્ધાઓ પણ યોજવામાં આવે છે.

ગુજરાત વિશ્વકોશના સ્થાપક અને સ્વપ્નદ્રષ્ટા પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકરની સ્મૃતિમાં કલાક્ષેત્રે નોંધપાત્ર યોગદાન માટે અપાતા 'સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ' ઉપરાંત નાટ્યલેખન, પ્રયોગાત્મક શિક્ષણ, વિવેચન, ભાષા-સાહિત્ય, ચિત્રકલા, સામાજિક ઉત્થાન, સમાજપરિવર્તનનાં ક્ષેત્રોમાં આગવું પ્રદાન કરનારા તજ્જ્ઞોને કુલ ૧૧ ઍવૉર્ડ દ્વારા દર વર્ષે નવાજવામાં આવે છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની ૪૦ વર્ષની કામગીરી અને પ્રવૃત્તિઓનું વર્ણન ત્યાં સુધી અધૂરું ગણાય જ્યાં સુધી આપણે આ સફળતાના સુકાનીઓના પ્રદાનની નોંધ ન લઈએ. સ્થાપક ડૉ. ધીરુભાઈ સાથે પ્રારંભથી જોડાયેલા પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ ધીરુભાઈના સ્વપ્નને સાકાર કરવામાં અનન્ય કામગીરી કરી છે. એક ખૂબ જ વિશાળ ફલક પર અનેક વિષયો, અનેક પદ્ધતિથી માહિતીનો પ્રચાર-પ્રસાર, વ્યક્તિત્વઘડતર અને માતૃભાષાને સબળ કરવાની કામગીરીમાં ડૉ. કુમારપાળભાઈના નેતૃત્વમાં અનેક નિષ્ણાતોએ જે કાર્ય કર્યું છે તેના માટે ગુજરાતી પ્રજા આ સૌની સદાય ઋણી રહેશે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સંચાલકો માટે ૪૦ વર્ષ તો જાણે આંખના પલકારામાં વીતી ગયાં. અનેક કાર્યો તેની રીતે થયાં કર્યાં. અનેક દાતાઓ, વિદ્વાનો અને શુભેચ્છકના સહયોગે કઠિન કાર્યને સરળ બનાવ્યું છે. ડૉ. ધીરુભાઈ ઠાકર અને ડૉ. કુમારપાળ દેસાઈએ ગુજરાત વિશ્વકોશને એક એવી ગરિમા બક્ષી છે કે આજે કલા, સાહિત્ય, ભાષાના ક્ષેત્રે તેના માટે સૌને વિશેષ આદર છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની આગ્રહભરી વિનંતીને સ્વીકારી ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિધાનસભામાં સર્વાનુમતિથી કાયદા દ્વારા ગુજરાતી ભાષા સિવાયનાં માધ્યમોની શાળામાં ધો. ૧થી ૮ સુધી ગુજરાતી વિષય ફરજિયાત બનાવ્યો તેનાથી માતૃભાષાપ્રેમીઓને ખુશી થઈ છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ તેની સ્થાપનાનાં ૪૦ વર્ષ પૂરાં કરી ૧૦ વર્ષ બાદ સુવર્ણજયંતી ઊજવવાના માર્ગે આગળ વધી રહ્યું છે ત્યારે આગામી ૧૦ વર્ષમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ શું વિશેષ કરી શકે તે માટે સહિયારું ચિંતન કરીએ, સિદ્ધિઓની ખુશી સાથે સાંપ્રત પડકારો ઝીલવા સુસજ્જ બનીએ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની ચાર દાયકાની સફર થકી તમામ ગુજરાતીભાષી ગૌરવ અને ધન્યતા અનુભવે છે. આ જ્ઞાનયાત્રાને નવી ઊંચાઈએ લઈ જઈને યુવાપેઢીમાં માતૃભાષા માટે પ્રેમ અને આદરની લાગણી પ્રગટે તે માટે સમર્પણ અને પ્રતિબદ્ધતા સાથે આપણે નર્મદની પંક્તિમાંથી પ્રેરણા લેતા રહીએ. 'સહુ ચાલો જીતવા જંગ બ્યૂગલો વાગે, યા હોમ કરીને પડો ફતેહ છે આગે' ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની ભવિષ્યની યાત્રા મંગળમય હો અને તેનાં કાર્યો થકી સૌ ગુજરાતીઓ ધન્યતા અનુભવે તેવી અભ્યર્થના.

ગ્રંથપરિચય

### સરદાર વલ્લભભાઈ પટેલની સાર્ધશતાબ્દીએ

## સરદારપુત્રીની અનન્ય અક્ષરછબી !

કુમારપાળ દેસાઈ

'સમર્પિત પડછાયો સરદારનો' એ સી.એ. આર. એસ. પટેલ'આરેશ'ના ગ્રંથમાં પ્રવેશ કરતાં પૂર્વે આ રોજનીશીનું લેખન કરનાર મણિબહેનના વ્યક્તિત્વનું સમગ્ર દર્શન કરવું જરૂરી છે. હકીકતમાં તો આ રોજનીશી એ એક વિરલ, સ્પષ્ટવક્તા અને સત્યદ્રષ્ટા વ્યક્તિત્વ દ્વારા રાષ્ટ્રના વિકટ પ્રસંગોએ વિરાટ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે કરેલા કાર્યની સત્ય અને તથ્ય સુવાસિત સંક્ષિપ્ત નોંધ છે. સરદાર વલ્લભભાઈ પટેલનાં પુત્રી મણિબહેનની આ રોજનીશી એ માત્ર પિતાનાં કાર્યોની નોંધ નથી, પરંતુ એથીય વિશેષ આમાં રાષ્ટ્રીયતાનો ધબકાર, સત્યાગ્રહનું શૌર્ય, આઝાદી માટેનું સમર્પણ, રાજનેતાઓ સાથે સરદારનો સંબંધ, ગાંધીજી પ્રત્યેની એકનિષ્ઠા, રજવાડાંઓનું વિલીનીકરણ, ભારત-પાકિસ્તાનના વિભાજનની સમસ્યા, અનુપમ પિતૃભક્તિ અને નિર્ભેળ સત્યનું પ્રાગટ્ય જોવા મળે છે.

આ ગ્રંથનું અવગાહન કરીએ, તે પૂર્વે મણિબહેન પટેલના અનન્ય જીવનને જોવું-જાણવું જરૂરી છે. એમણે પિતાની જીવનભર સેવા કરી. એથીય વિશેષ પિતાના અંગત સચિવ તરીકે અને આદર્શ મંત્રી તરીકે કાર્ય કર્યું. પોતાની આગવી પ્રતિભા સાથે પિતાની પ્રત્યેક પ્રવૃત્તિમાં સાથ આપ્યો. જાતે રેંટિયો કાંતતાં અને એમાંથી બનેલી ખાદીમાંથી પિતાનાં અને પોતાનાં વસ્ત્રો બનાવતાં હતાં. એમના અપરિગ્રહના આદર્શ સમા વસિયતનામામાં પણ ખાદી માટેની એમની ચીવટ દેખાઈ આવે છે. મહત્ત્વની વાત તો એ છે કે સરદાર વલ્લભભાઈ પટેલે ભારતના નાયબવડાપ્રધાન તરીકે વિશાળ મકાન લીધું ન હતું. પિતા સાથે રહીને રસોઈ બનાવવાની અને કપડાં ધોવાથી માંડીને એમના પત્ર-વ્યવહાર સુધીની સઘળી કામગીરી મણિબહેને નિષ્ઠાપૂર્વક બજાવી. સરદારના કથળતા સ્વાસ્થ્યની ચિંતા એમના હૃદયને કેવી કોરી ખાતી હતી, એની ઝાંખી અહીં મળે છે.

ઇતિહાસમાં પિતા-પુત્રની જોડીની ઘણી કથાઓ મળે છે, પરંતુ આ પિતા-પુત્રીની જોડી અને એમનું કાર્ય સાચે જ અનન્ય છે. પિતા જે દેશની આઝાદી માટે કાર્ય કરતા હતા, એ આઝાદીને માટે મણિબહેન બોરસદ સત્યાગ્રહમાં જોડાયાં, એમણે બારડોલી સત્યાગ્રહની આગેવાની લીધી, 'ભારત છોડો' ચળવળમાં ભાગ લીધો, દેશની આઝાદી માટે પ્રવચનો આપ્યાં, દારૂના પીઠા પર પિકેટિંગ કર્યું, મુંબઈ રાજ્યની લગભગ બધી નાની-મોટી જેલમાં કારાવાસ ભોગવ્યો હતો અને જેલમાં હતાં ત્યારે પણ પોતાના સાથીઓને આત્મવિશ્વાસ આપતાં અને એમની રાષ્ટ્રભક્તિ સતત જાગૃત રાખતાં.

આ રીતે સરદારનાં પુત્રી હોવા ઉપરાંત એક રાષ્ટ્રીય નારીપ્રતિભા તરીકે મણિબહેનનું જીવનકાર્ય જોવા મળે છે અને આથી પિતૃવાત્સલ્યથી ભરીભરી પુત્રી અને પ્રબળ રાષ્ટ્રભક્તિ ધરાવતી નારીપ્રતિભાની આ રોજનીશી છે. આથી આ ગ્રંથમાં પ્રવેશતાં પૂર્વે મણિબહેનની છબી વાચકના ચિત્તમાં રમમાણ થવી જોઈએ. એ મણિબહેન કે જેમને માટે સરદાર વલ્લભભાઈએ કહ્યું હતું કે, 'મણિ ન હોત તો હું આજે ન હોત.'

પંડિત જવાહરલાલ નહેરુએ જેમને 'Ideal Sacretary' કહ્યાં હતાં, તેવાં મણિબહેનને આ રોજનીશી લખતી વખતે 'મારા મન સાથે વાત કરી એ જ ટપકાવવાની ખૂબ મજા આવે છે એવો અનુભવ થતો.' સરદારની મુલાકાતે જુદા જુદા દેશનાં રાજદૂતો, રાજા-મહારાજાઓ તેમજ બીજા નાના-મોટા મહેમાનોની સરભરા કરવામાં મણિબહેન કોઈ કસર રાખે નહીં. ઘરમાં જેટલી ચોખ્ખાઈ એટલી જ ચોખ્ખાઈ આંગણામાં. એમની એક આગવી પ્રતિભા હતી. એમની વાણી સાચી, સરળ, પણ એમાંની મીઠાશ ભાગ્યે જ પારખી શકાતી.


પ્રારંભમાં એમના સ્વભાવમાં રહેલા ગુસ્સા વિશે સરદાર પટેલે ટકોર પણ કરી હતી અને કહ્યું હતું કે, 'દયાનો દુરુપયોગ કરે એવા નોકરને રજા દેવી જોઈએ, પણ એની સાથે તકરાર ન થઈ શકે.' એક આદર્શ મંત્રી તરીકે મણિબહેનની પ્રતિભા આ રોજનીશીમાં સતત દૃષ્ટિગોચર થાય છે. મણિબહેન છાપાની નકલ રાખવાનું કે કાગળની નકલ રાખવાનું કદી ભૂલે નહીં. સરદારને જરૂર પડે, ત્યારે તત્કાળ કાગળ શોધીને આપી દેતાં. સરદારે ફાડીને કચરાની ટોપલીમાં નાખેલો પત્ર પણ તેઓ ચોંટાડીને સાચવી રાખતાં અને એક વાર સરદારને એની જરૂર પડી તો એમને તરત આપ્યો, ત્યારે સરદારને આશ્ચર્ય થયું કે મેં તો એ ફાડી નાખ્યો હતો. એક વાર જવાહરલાલ નહેરુએ ઈ. સ. ૧૯૩૩ના સમયે બનેલો ઠરાવ માંગ્યો, ત્યારે સરદારની ઑફિસના કર્મચારીઓ આપી શક્યા નહીં, પણ મણિબહેને તરત જ એ ઠરાવ કાઢીને આપ્યો.

એમની પ્રતિભાનો એક અણસાર તો મૃણાલિની દેસાઈના પુસ્તકમાં આલેખાયેલા પ્રસંગમાંથી મળે છે. મણિબહેન બે બહેનોને ટૅક્સીમાં મૂકીને પાછાં ફરતાં હતાં, ત્યારે એ ટૅક્સીવાળાએ બહેનોને પૂછ્યું કે, 'આ માજી કોણ હતાં ?' બહેનોએ ઉત્તર આપ્યો, 'મણિબહેન પટેલ. સરદાર પટેલનાં પુત્રી.'

આ સાંભળીને ડ્રાઈવરે તરત જ ગાડી બંધ કરી અને નીચે ઊતરીને જે રસ્તેથી મણિબહેન ગયાં હતાં, તેની ધૂળ માથે ચડાવી. પેલાં બે બહેનોને તો આશ્ચર્ય થયું કે ડ્રાઈવરે આવું કેમ કર્યું ? ત્યારે એ ડ્રાઈવરે બહેનોને પ્રશ્ન કર્યો, 'તમે રામાયણ તો વાંચ્યું છે ને ? તેમાં આવે છે કે હનુમાનજીએ લંકાદહન કર્યું, પરંતુ એ પૂરેપૂરી બળી નહોતી, એનું કારણ શું ?' એ બે બહેનો આનો ઉત્તર આપી શકી નહીં, ત્યારે ડ્રાઈવરે કહ્યું કે,

'બહેન, લંકામાં એક વિભીષણ હતા, પુણ્યાત્મા હતા, એમના પુણ્યપ્રતાપે લંકા બચી ગઈ. હમણાં આ ગયાં એ માજીના પ્રતાપે દિલ્હી સુરક્ષિત છે, નહીંતર અહીં તો લંકાથીય વધુ બદતર બની ગયું હોત.'

રાત્રે સરદાર સૂતા હોય, ત્યારે મણિબહેન ટેલિફોન લઈને સૂએ અને રાત્રે જે કોઈ સમાચાર આવે તે સમાચારની નોંધ બનાવીને બીજા દિવસે સવારે પિતાના ટેબલ પર મૂકે.




૧૯૨૯થી ૧૯૫૦ સુધીની મણિબહેને લખેલી આ રોજનીશી એ આપણા આઝાદીના સ્વાતંત્ર્યકાળનો દસ્તાવેજ તો છે જ, પરંતુ એથીય વિશેષ આ દસ્તાવેજ એક સત્યનિષ્ઠ અને સ્પષ્ટદ્રષ્ટાની કલમે લખાયેલો છે અને તેથી એનું ઐતિહાસિક, રાજકીય અને સામાજિક મૂલ્ય ઘણું વધી જાય છે. સરદાર અને નહેરુના સંબંધો વિશે કશાય પક્ષપાત વિનાની યથાતથ હકીકતો મળે છે. સરદાર પટેલ અને જવાહરલાલ નહેરુના વિસંવાદની વાતને મનભેદ નહીં, પણ મતભેદ રૂપે દર્શાવે છે. જે આપણે અત્યાર સુધી સેવેલી ઘણી માન્યતામાં પરિવર્તન આણશે. વળી આમાંની નોંધમાંથી સરદાર પટેલની કાર્યપદ્ધતિ અને સમગ્ર વ્યક્તિત્વનો પરિચય મળે છે.

શ્રી મણિબહેનની ૧૯૨૯થી ૧૯૫૦ સુધીની ૨૫ ડાયરીઓનાં ૨,૭૫૦ પૃષ્ઠોમાંથી શ્રી આર. એસ. પટેલ 'આરેશ' દ્વારા અહીં નવનીત તારવી આપવાનું અત્યંત પરિશ્રમભર્યું કાર્ય થયું છે. આમાં રહેલી અશુદ્ધિઓને પણ એમણે ચીવટપૂર્વક સુધારી આપી છે અને એથીયે વિશેષ તો આ ગ્રંથ એ માત્ર રોજનીશી ન રહેતાં એક વિસ્તૃત ગ્રંથ બની રહે તેવું કાર્ય કર્યું છે. 'સરદાર પટેલનો પડછાયો' એ પ્રકરણમાં મણિબહેનનાં જીવનકાર્યને માર્મિક રીતે નિરૂપવામાં આવ્યું છે, તો સાથોસાથ 'મણિબહેન આલેખે છે' એ પ્રકરણમાં મણિબહેનનો જીવનરંગ જોવા મળે છે. તો વળી પત્રકાર દુર્ગાદાસે લીધેલી મણિબહેનની મુલાકાત આલેખીને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિભા ઉપસાવી આપી છે. આ મુલાકાતમાં મણિબહેન કહે છે કે, 'સરદાર પટેલને ભારતના વડાપ્રધાન થવાનો કે કોઈ ઊંચો હોદ્દો લેવાનો ઈરાદો ન હતો. તેઓએ એક વાર કહ્યું હતું કે ભારતને દસ વર્ષ પૂર્વે આઝાદી મળી હોત તો તેઓએ ભારતની ખોરાકની તંગી દૂર કરી હોત. જે કામ તેઓએ દેશી રજવાડાંમાં એક વાર કરી બતાવ્યું હતું.'

આ રીતે આ ગ્રંથમાંથી એ સમયની આઝાદીની ઘટનાઓનું નિષ્પક્ષપાત અને નિર્ભીકપણે આલેખાયેલું ચિત્ર ઊપસે છે. એ સમયના રાજપુરુષોની પ્રકૃતિ, વિચારો અને કાર્યો વિશેની ઘણી મહત્ત્વની સામગ્રી આમાંથી પ્રાપ્ત થાય છે. એ સમયે સરદાર વલ્લભભાઈ પટેલના વિરોધીઓએ એમની ખૂબ વગોવણી કરી હતી. જુદા જુદા

લોકોએ એમનાં અંગત હિતો જાળવવા માટે એમની સામે મોરચો માંડ્યો હતો, ત્યારે આ રોજનીશી ભારતના ઇતિહાસનાં એ પ્રકરણો પર હકીકતોનો પ્રકાશ પાથરે છે, જે ઇતિહાસ કે રાજકારણના અભ્યાસીઓને માટે મૂલ્યવાન બની રહેશે.

આ રોજનીશીમાં મણિબહેને મિતાક્ષરી નોંધ કરી છે, પરંતુ એ નોંધમાંથી સરદાર પટેલના જીવન-પ્રસંગો, પાછળના સમયની બીમારી, ગાંધીજી પ્રત્યેનો આદર તથા એ સમયના રાજકીય વાતાવરણના સગડ મળે છે. નહેરુ સાથેની ઘણી ચર્ચાઓ, હૈદરાબાદનો પ્રશ્ન, નહેરુને યુનોમાં ઉત્તર આપતાં લાગતો ભય — જેવી બાબતોની સાથોસાથ સરદારના વિરોધીઓ વિશે પણ આમાં ઉલ્લેખો મળે છે. આ સઘળા ઉલ્લેખો અને રોમહર્ષક પ્રસંગોનો તો આ પુસ્તક વાંચીએ ત્યારે જ ખ્યાલ આવે.

વાચક એ સમયની ઘટનાઓ જાણીને આ ડાયરીમાં ટપકાવેલી નોંધનું અનુસંધાન મેળવી શકશે અને સરદારની અને એ સમયની એક સાચી જીવંત છબી પામી શકશે. વળી એથીયે વિશેષ સરદાર વલ્લભભાઈએ સહન કરેલાં સંઘર્ષો, મથામણો, વેદનાઓ, વિરોધો વચ્ચે અડગ અને અડીખમ ઊભેલા રાષ્ટ્રપ્રેમી સરદાર પટેલની એમનાં પુત્રી મણિબહેનના હસ્તાક્ષરમાં અક્ષર-પ્રતિમાનાં દર્શન થાય છે.

અનેકવિધ ઉમદા સેવાકાર્યો કરનાર અને અનોખું સાહિત્યસર્જન કરનાર સી.એ. આર. એસ. પટેલ 'આરેશ' સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટીના મહામંત્રી છે. એમણે સરદાર વલ્લભભાઈ પટેલની સાર્ધશતાબ્દીએ આ ગ્રંથ ભેટ ધરીને સરદારશ્રી અને મણિબહેનનાં જીવનકાર્યને આપણી સમક્ષ ઉજાગર કરી આપ્યું છે. આવી સમર્થ પ્રતિભાઓને આનાથી બીજી કઈ અંજલિ હોઈ શકે ? 'સમર્પિત પડછાયો સરદારનો' એ ગ્રંથ દ્વારા પિતાના પડછાયારૂપ પુત્રી મણિબહેનની પ્રતિભાનો અને એ દ્વારા ભારતના ભાગ્યવિધાતા સરદાર પટેલની અનન્ય રાષ્ટ્રભક્તિનો માર્મિક પરિચય આમાંથી સાંપડે છે.

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની યૂટ્યૂબ ચૅનલ પર દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

નવેમ્બર મહિનામાં ૨ નવેમ્બરે 'બકરીબાઈના બેટડા', ૧૬ નવેમ્બરે 'કોને મળ્યું આ સફરજન !' અને ૩૦ નવેમ્બરે 'આ ભંભોટિયું કોણ છે ભાઈ ?' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ તથા ૯ નવેમ્બરે 'એકદંત શ્રીગણેશ' અને ૨૩ નવેમ્બરે 'મેઘધનુષી ઉંદર' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

પ્રવાસ

# ઓહ મેકોંગ !

ભારતી રાણે

ઓહ, મેકોંગ !
તારા ઊછળતા પહોળા પટ પરથી પસાર થતાં
હું લંબાવી રહી છું નજર, ક્ષિતિજ સુધી.
એક તરફ શહેરને બાંધતો સેતુ અને બીજી તરફ
ક્ષિતિજરેખમાં ઓગળી જતી તારી જળરેખને જોઈને થાય છે,
અલી, તું તે નદી કે સમયનું વહેણ ?
હજી ગઈ કાલે જ મેં સંવેદ્યાં છે,
તારાં સંતાનોએ વેઠેલી કાળઝાળ વ્યથાનાં વીતક.
હજી ગઈ કાલે જ મેં જાણી છે,
તારાં બાળુડાંની યાતનાભરી દાસ્તાન.
હું એ વિશે વિચારું છું, અને -
મારા કાનમાં લસરતો હલેસાંનો ધ્વનિ
બંદૂકના ધડાકા-ભડાકામાં પરિવર્તિત થઈ જાય છે,
મારી ઉપર જરીક ઝરમરતી વર્ષા અગનગોળાની વૃષ્ટિમાં ઓગળી જાય છે.
તારી સપાટી ઉપર લહેરાતા પવનના પડળ નીચે
હું ખોળ્યા કરું છું, તેં વહાવેલા ચિત્કારોને, લોહીને અને આંસુઓને !
કિનારે વસતું આ અઢળક લોક તો જાણે
વીસ લાખ બલિદાનોનાં વૃક્ષ પર ફૂટેલી અમર આશાની કૂંપળો !
કહેવાય છે કે સમય રૂઝવે છે દરેક ઘાવને.
પણ આજે તને જોઈને થાય છે, હે મહાનદ મેકોંગ !
કે અનરાધાર વહેલા લોહીને વહાવીને જે આછરી રહ્યું છે,
વ્યથાના ઘાવ ઉપર વિસ્મૃતિના મલમનો લેપ લગાવી રહ્યું છે તે કોણ છે ?
ના, તે સમય નહીં, એ તો છે,
આ ધરતીને પસવારતાં,
તારાં અપરંપાર પાણી !

વિયેટનામના સાયગોન શહેરમાં આ અમારો ત્રીજો દિવસ. એક સમયે અનવરત ઉઝરડાયેલા અને હવે રુઝાતા જતા આ શહેરમાં હજીય યુદ્ધની ભૂતાવળ ધૂણ્યા કરતી હોય, તેવું લાગ્યા કરે. અહીં કોઈ મુક્તિ માટેના ત્રણ દાયકાઓના લોહિયાળ સંઘર્ષને જરાય ભૂલ્યું નથી. ભૂલવા માગતુંય નથી. એ માટે ત્યાંની પ્રજાએ તવારીખની અસંખ્ય

નિશાનીઓને ચોરે ને ચૌટે, બંકરોમાં અને મહેલોમાં, ભવનોમાં કે મ્યુઝિયમોમાં સાચવી રાખી છે. હિરોશીમા અને નાગાસાકીની ભયાનક કરુણાંતિકાને વિશ્વમાં સૌ કોઈ જાણે છે. મારા મનમાં પણ એ વિશે એક ચોક્કસ પ્રકારનું સમસંવેદન હતું જ, પણ વિયેટનામના ઊંડા ઘાવ વિશે એટલો સઘન અહેસાસ જ મનમાં ન હતો. આ દેશે પણ જાપાનની સમકક્ષ કહી શકાય તેવી અને તેટલી વેદના વેઠી, એ વાતનો આવિષ્કાર ત્યાં પ્રવાસ કરતાં જ થયો અને એ સંવેદનની પરમ તીવ્રતા અનુભવી મહાનદ મેકોંગને તીરે.

સાયગોન શહેરથી દક્ષિણે મેકોંગ નદી જ્યાં સમુદ્રને મળે છે, તે કાંપથી સમૃદ્ધ મુખત્રિકોણના ભર્યાભાદર્યા પ્રદેશની મુલાકાત અમારે લેવાની હતી અને નદી ઉપર જળપ્રવાસ કરીને ફળફૂલથી લચી પડેલા ટાપુઓની ઓળખાણ કરવાની હતી. સાયગોનથી આશરે અઢી કલાકની બસની મુસાફરી પછી અમે મેકોંગ રિવર ડેલ્ટાના લીલા નાઘેર પ્રદેશને ઊંબરે જઈ ઊભાં. મેકોંગ જેવી જાજરમાન નદી નજર સામે હતી, ત્યારે એને કિનારે વિકસેલી સંસ્કૃતિ વિશે જાણવાની ઉત્કંઠા ચરમસીમા ઉપર હતી.

મેકોંગના સમૃદ્ધ મુખપ્રદેશના અતીતમાં ઊંડે જતાં જાણવા મળ્યું કે, છેક પહેલી સદીમાં આ પ્રદેશ ઉપર ચંપા પ્રજાતિના રાજાઓનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું, જેમણે ઈ. સ. ૫૦૦થી ૧૫૦૦ સુધી લગભગ હજારેક વર્ષ રાજ કર્યું. ખરેખર તો પહેલી સદીમાં તથા બીજી સદીના પૂર્વાર્ધમાં આખાય દક્ષિણ-પૂર્વ એશિયા ઉપર આ શિવપૂજક ચંપાવંશના રાજવીઓનો પ્રભાવ રહ્યો ! ચંપા રાજાઓનાં સંસ્કૃત-આધારિત નામ વાંચતાં આશ્ચર્ય થયું. જેમ કે, ભદ્રવર્મન્ ગંગારાજા, રુદ્રવર્મન્ પ્રભાસાધર્મા વગેરે. વળી તેમના રાજવંશનાં નામ હતાં, ઈન્દ્રપુરા, વિજયા, પાંડુરંગા વગરે ! અમારો ગાઈડ કહેતો હતો કે, આજે પણ ચંપા પ્રજાતિના અનેક લોકો વિયેટનામમાં વસે છે. કાળક્રમે એમાંના ઘણાએ ઈસ્લામ ધર્મ સ્વીકારી લીધો છે, છતાં તેમની આગવી જીવનરીતિ અને અલગ પ્રકારની સંસ્કૃતિ છે.

જાણવા મળ્યું કે, એક હજાર વર્ષ રાજ કર્યા પછી ચંપારાજ્યનો અચાનક અંત આવી ગયો. મનમાં થાય કે, અચાનક ચંપા સામ્રાજ્યનું નામોનિશાન કેમ નાશ પામ્યું હશે ? વિયેટનામનો ઈતિહાસ વાંચતાં એનો જવાબ મળેલો. એક ઈતિહાસકારે લખ્યું હતું : ‘વેલ, હિસ્ટ્રી ઇઝ રીટન બાય કોન્કરર્સ.’ હા, સાચી વાત છે. ઈતિહાસને વિજતાઓ લખે છે અને સમયચક્રની સાથે વિજેતાઓ બદલાયા કરે છે ! કમનસીબે વિયેટનામના નસીબમાં અનેક વિજેતાઓ હતા, જેમણે દેશની નીચી, કૃશકાય, શારીરિક રીતે નબળી દેખાતી પ્રજાને અસંખ્ય ઘાવ દીધા. ચંપા રાજ્યના અંત પછી ત્યાં ચીને કબજો જમાવ્યો અને પોતાના નિયમો પ્રમાણે જીવવા માટે પ્રજાને મજબૂર કરી. પછી દેશ ફ્રાન્સની હકૂમત નીચે રહ્યો અને સંઘર્ષ કરીને ફ્રેંચ સત્તાથી મુક્ત થયો. છેલ્લે અમેરિકનો આવ્યા અને અનરાધાર અત્યાચાર વરસાવી ગયા.

ઘર ફૂટે ઘર જાય, તેવું અહીં બન્યું. દેશનો ઉત્તરીય પ્રદેશ સામ્યવાદી પ્રભાવ હેઠળ હતો, જ્યારે દક્ષિણ વિયેટનામ મૂડીવાદી વિચારસરણી ધરાવતો હતો. દક્ષિણના નેતા



તથા કેટલાક વતનીઓએ સામ્યવાદીઓ સામે ટક્કર લેવા માટે અમેરિકાની મદદ માગી. અમેરિકાને તો ચીનના વધતા જતા પ્રભાવ સામે વાંધો હતો જ. એટલે તેણે તક ઝડપી લીધી અને દક્ષિણ વિયેટનામમાં પોતાનું સૈન્ય ઉતાર્યું. હવે દક્ષિણમાં પણ સામ્યવાદનું સમર્થન કરવાવાળા કેટલાક લોકો તો હતા જ. આ વિયેટકોંગ લોકોએ સામ્યવાદ-પ્રભાવી મધ્ય તથા ઉત્તર વિયેટનામના સમર્થનમાં તથા તેમની દોરવણી હેઠળ અમેરિકા સામે ગેરીલા યુદ્ધથી ત્રીસ વર્ષ સુધી લડત આપી અને અંતે મુક્તિ મેળવી. સ્વતંત્ર થયા પછી દક્ષિણ વિયેટનામના વતનીઓએ ઉત્તરમાં વસતા બંધુઓ સાથે સમાધાન કરી, પ્રમુખ હો ચી મિન્હની નેતાગીરી સ્વીકારી, એમ છેક ૧૯૭૫માં વિયેટનામ અખંડ સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે અસ્તિત્વમાં આવ્યું અને ત્યારથી સાયગોન શહેર હો ચી મિન્હ સિટી તરીકે ઓળખાયું.

અમેરિકાએ દીધેલા ઘાવ અને અસીમ અત્યાચારો વિશે પ્રજાના મનમાં ખટકો સતત કળાયો. કાર્પેટ બૉમ્બિંગમાં લાખો હણાયા. રાસાયણિક હથિયારોનાં રસાયણોએ પ્રજાના જિનમાં એવા ફેરફારો કર્યા કે એ પછીની એક આખી પેઢીમાં અસંખ્ય વિકૃત અથવા દિવ્યાંગ બાળકો જન્મ્યાં ! એક હુમલાની અસર અનેક પેઢીઓ ભોગવે, તે ક્યાંનો ન્યાય ? આ વાત કરતાં અમારા ગાઇડની આંખો ભીની થઈ ગયેલી જોઈ, ત્યારે અહેસાસ થયો કે, પ્રજા એ ઊંડા ઘાવને કેમ કરીને ભૂલી શકે ? સરકાર એ દિવ્યાંગોને પગભર કરવા અનેક અભિયાનો ચલાવે છે.

સામે મેકોંગનો વિશાળ પટ લહેરાઈ રહ્યો હતો. એનાં મટમેલાં પાણી પર જળપ્રવાસ કરીને અમે ફળ-ફૂલોથી લચી પડેલા બે ટાપુઓની મુલાકાત લીધી. મેકોંગ મુખત્રિકોણના ટાપુઓ હરિયાળા છે. ટાપુઓ ઉપર અમારું સ્વાગત ફળોથી, મધવાળી ચાથી અને

(અનુસંધાન ૧૬મા પાને)

પ્રેરણા

# ચાલો, અંદરના બાળકને ઓળખીએ !

પ્રીતિ શાહ

પતિયાલામાં સ્કૂલનો અભ્યાસ પૂર્ણ કરીને હરપ્રીત ગ્રોવર ઉચ્ચ અભ્યાસાર્થે મુંબઈ આવ્યા. મુંબઈની આઈ.આઈ.ટી.માંથી સિવિલ એન્જિનિયરિંગમાં પદવી મેળવી અને કન્સલ્ટન્ટ તરીકે થોડાં વર્ષો સુધી કામ કર્યા પછી તેમના સહાધ્યાયી સાથે ૨૦૦૬માં કોક્યૂબ કંપની શરૂ કરી, જે અભ્યાસ પૂર્ણ કરીને નોકરી શોધતા યુવાનોને જુદી જુદી કંપનીઓને જોડી આપતું પ્લૅટફૉર્મ છે. યુવાનોની નોકરીની ક્ષમતાને ચકાસીને એ પ્રમાણે નોકરી આપે છે, પરંતુ ૨૦૧૬માં હરપ્રીત ગ્રોવરે કોક્યૂબને એઓન હેવિટને વેચી દીધી. આ સમય દરમિયાન તેમણે ફંડ રેઝિંગ અને અન્ય ઘણાં સ્ટાર્ટઅપમાં કામ કર્યું. તેઓ કહે છે કે તેમને માટે ૨૦૧૬નું વર્ષ મહત્ત્વનું બની રહ્યું, કારણ કે એ સમયે એમની દીકરી એક વર્ષની હતી અને તેઓ તેની સાથે રહીને તેને મોટી થતી જોવા માગતા હતા. એવું નહોતું કે તેને એમની જરૂર હતી, પરંતુ હરપ્રીત પિતા તરીકે એમ કરવા ચાહતા હતા.

હરપ્રીત ગ્રોવરે પોતાની કંપની વેચી દીધી. જેઓ સફળતા મેળવવામાં એમનાથી દસ વર્ષ આગળ હતા તેમને પૂછ્યું કે જો તેઓ એમના ભૂતકાળના સમયમાં પાછા ફરી શકે તો જીવનમાં શું કરવા માગે છે ? ત્યારે હરપ્રીતના આશ્ચર્ય વચ્ચે સહુએ એક જ વાત કહી કે બાળકો ક્યારે મોટાં થઈ ગયાં તેની ખબર નથી. તેમને સમય ન આપી શક્યા તેનો અફસોસ થાય છે. પૈસા તો મળ્યા, સફળતા હાંસલ થઈ, પરંતુ હવે એ સમય પાછો નહીં લાવી શકીએ. હરપ્રીતે પોતાની દીકરી સાથે રહેવાનું નક્કી કર્યું. તેમણે પુત્રી સાથે, પાડોશીનાં બાળકો સાથે અને પુત્રીના મિત્રો સાથે સમય વિતાવ્યો, બાળમનોવિજ્ઞાનનો અભ્યાસ કર્યો અને આ વિષયનાં અનેક પુસ્તકો વાંચ્યાં. તેમને લાગ્યું કે બાળકોની એક અલગ જ દુનિયા છે. એમણે જોયું કે માતા-પિતા પોતાના જીવનમાં વ્યવસાયમાં અત્યંત વ્યસ્ત છે. બાળઉછેરને માતા-પિતા બહુ સાહજિક રીતે લે છે. તેમના પ્રત્યે પૂરતું ધ્યાન આપી શકતાં નથી. બાળકોને બદલે માતા-પિતા દોડતાં હોય છે. તેઓ પોતાનાં બાળકો માટે 'બેસ્ટ' કરવા માગે છે, પરંતુ બેસ્ટ કોને કહેવાય તેની સમજ વગર ચાલુ ઘરેડમાં જ બાળકનો ઉછેર થાય છે, તો બીજી બાજુ જે મા કે બાપ પાસે સમય છે, તે લોકો બાળકો પર જરૂર કરતાં વધુ ધ્યાન આપી રહ્યાં છે. બાળક દોઢ-બે વર્ષનું થાય એટલે માતા-પિતા પ્રિ-સ્કૂલ માટે દોડાદોડી કરે છે. થોડું મોટું થાય એટલે સ્કૂલના અભ્યાસ સાથે જુદી જુદી પ્રવૃત્તિ અથવા ક્લાસમાં દાખલ કરે છે. આને કારણે એમને રમવાનો કે શાંતિથી બેસવાનો સમય નથી મળતો. તે બાળકોને એની પણ ખબર નથી કે તેઓ જે કરી રહ્યાં છે તેમાં તેમને રસ છે કે નહીં

અને આવી દોડાદોડીમાં તેમને માતા-પિતા, મિત્રો કે કુટુંબના અન્ય સભ્યોનો પરિચય કેળવવાનો સમય પણ રહેતો નથી. આ બધી વસ્તુઓ એના જીવન સાથે એવી વણાઈ જાય છે કે એમાં કોઈ સૂચન કરે તોપણ પરિવર્તન કરવા માગતા નથી અને પાંત્રીસ-ચાળીસ વર્ષની વયે તેમને લાગે છે કે એમણે જીવનમાં ઘણી ભૂલો કરી અને જે કરવાની ઈચ્છા હતી, તે થઈ ન શક્યું.



**હરપ્રીત ગ્રોવર**

આજે હરપ્રીત ગ્રોવર પોતાના અનુભવે અને સંશોધનો કરીને, બાળકો વિશે વાંચે છે, લખે છે અને વક્તવ્ય આપે છે જેથી જે માતા-પિતા પાસે બાળકોની દુનિયાને જાણવાનો સમય નથી તેમને ઉપયોગી માહિતી મળે અને વિશેષ સંશોધન ન કરવું પડે. તેઓ માને છે કે બાળક એક જ પ્રકારનું ત્યારે દેખાય છે જ્યારે તે કામમાં મગ્ન હોય છે, વ્યસ્ત હોય છે. તે કોઈ પ્રશંસા, લાલચ કે ડરને કારણે ન લડે છે, ન રડે છે, ન મમ્મી-મમ્મી કે પપ્પા-પપ્પા કરે છે, પરંતુ ત્યારબાદ પ્રથમ ક્રમાંક મેળવવામાં, મોબાઈલ જોવાના આકર્ષણમાં, સ્કૂલમાં ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી શીખવામાં અને મા-બાપને ખુશ કરવાના ચક્કરમાં તે ખોવાઈ જાય છે.

આ બધા અનુભવે તેઓ સોશિયલ મીડિયા પર ૨૦૨૨થી ‘ધ ક્યુરિયસ પૅરન્ટ્સ’ નામે દરરોજ પાંચ મિનિટ પોતાના અનુભવો કહે છે. પહેલાંના સમયમાં એમ કહેવાતું કે, ‘બચ્ચે તો ઐસે હી બડે હો જાયેંગે’, પરંતુ ખરેખર તેનો યોગ્ય ઉછેર થાય છે ખરો ? તેઓ કહે છે કે માતા-પિતાએ સમજવું જોઈએ કે તમે જે કરશો તેવું તરત જ તમારું બાળક કરશે. બે વર્ષની ઉંમર સુધી તેને ટી.વી. કે મોબાઈલની સ્ક્રીન બતાવવી જ ન જોઈએ. જ્યારે તેઓ ટી.વી. કે મોબાઈલ જુએ છે ત્યારે તે અન્ય કોઈ પણ વસ્તુમાં જોડાઈ શકતા નથી અને તેને કારણે માનસિક સ્વાસ્થ્યના ઘણા પ્રશ્નો ઊભા થાય છે. બે-ત્રણ વર્ષની ઉંમર સુધી તેને એકલું ન મૂકવું.

તેઓ ‘અન્ડરસ્ટૅન્ડિંગ યોર ચાઈલ્ડ’ અને ‘હાઉ ટુ સિલેક્ટ એ સ્કૂલ’ નામના બે કોર્સ ચલાવે છે. એવી કોઈ સ્કૂલ નથી જે તમારા બાળકને હોશિયાર અને જીવનમાં સફળ બનાવે. બાળકોની સંભાળ લેનાર અને પ્રેમાળ વાતાવરણ ધરાવતી સ્કૂલ તેમને સફળ બનાવવામાં મદદરૂપ થાય છે. એવી સ્કૂલ પસંદ કરવી કે જ્યાં તેમને ભૂલ કરવાની છૂટ હોય. સ્વતંત્ર રીતે વિચારીને નવું કરવાની કે શીખવાની છૂટ હોય. સૌથી મહત્ત્વની વાત તો એ છે કે તમે તમારા બાળકને કૂતરાની જેમ પાળવા માગો છો ? બાળકને નાનું સમજીને માન જાળવતા નથી અને આપણે મોટા છીએ એમ માનીને ઑર્ડર કરીએ છીએ. ‘બ્રશ કર’, ‘જમવા બેસ’, ‘રમકડાં સરખાં મૂક’, ‘સ્વેટર પહેર’ જેવી આદેશાત્મક ભાષાનો ઉપયોગ કરીએ છીએ. તેને બદલે ‘દાંતમાં જીવાણું થઈ જશે

તો ?', 'ચાલો, હવે જમવાનો સમય થઈ ગયો છે', 'રમકડાં કબાટમાં કેટલાં સારાં લાગે છે !', 'સ્વેટર પહેરીશ તો ઠંડી નહીં લાગે' જેવી ભાષાનો ઉપયોગ કરવો જોઈએ.

જો બાળકને વાંચવાની ટેવ પાડવી હોય તો ઘરમાં એવું વાતાવરણ સર્જવું અને માતા-પિતાએ પણ સાથે વાંચવું જોઈએ. બાળક સાથે વિતાવેલો સમય તેના પર એક છાપ અંકિત કરી જાય છે. દરેક વાતચીતની નાની નાની છાપમાંથી પસાર થઈને તે મોટું થાય છે. તેના મન પર એવી છાપ છોડવી કે જેનાથી તેનું ભવિષ્ય બદલાઈ જાય. આજે બાળકો અભ્યાસ કરે છે, પણ સમજતાં નથી. બાષ્પીભવન વિશે કડકડાટ બોલી જાય છે, પણ ઘરમાં કપડાં સુકાય છે તેમાં આ જ સિદ્ધાંત કામ કરે છે તેવી સમજ નથી. લખે છે, પણ સારી અભિવ્યક્તિ આવડતી નથી. માતા-પિતાના કહેવાથી વડીલોને આદર આપે છે, પણ સ્નેહ નથી. બાળકોને બહારથી જોઈએ છીએ અને અંદરના બાળકને ભૂલતા જઈએ છીએ. તેની અંદર શું થઈ રહ્યું છે તે જોવા માટે મનની આંખોથી બાળકોને જોવાં પડશે. ✍

---

**(૧૩મા પાનાનું ચાલુ)**

સ્થાનિક લોકસંગીતથી કરવામાં આવ્યું. અમે વૉટર કોકોનટના નામથી ઓળખાતાં તાડગોલા જેવો સ્વાદ ધરાવતાં ફળોનાં નાળિયેરી જેવાં વૃક્ષોના પડછાયાના આશ્લેષમાં સૂતેલી નહેરમાં નિરાંતવો જળપ્રવાસ પણ કર્યો. આજે સુખ-શાંતિ સાથે કુદરતમય જીવન જીવતી મેકોંગ ડેલ્ટાની પ્રજાને મળીને આનંદ થયો.

પાછાં વળતાં મેકોંગના વિશાળ પટ ઉપર અમે પહોંચ્યાં ત્યારે સાંજ ઢળી રહી હતી. આછા રંગોથી રંગાઈ રહેલું વાદળિયું આકાશ મેકોંગનાં મટિયાળાં પાણી ઉપર લહેરાઈ રહ્યું હતું. ખબર નહીં કેમ, ફરી એક વાર લાખો લોકોનાં બલિદાન યાદ આવી ગયાં. મનમાં કાવ્યપંક્તિઓ સ્ફુરતી રહીઃ

'હે વહાલી મેકોંગ ! મનમાં વારંવાર ઊઠી આવતા
દર્દના તોફાનને તારી સાખે સમજાવું છું,
કે તારામાં વહી ગયેલાં વીસ લાખ લોકોનાં લોહી,
અને એમનાં કરોડો સ્વજનોનાં આંસુઓ પાસે
મારાં તુચ્છ આંસુઓની શી વિસાત ?
તારા હર્યાભર્યા દ્વીપો પર અંતરના આશિષ પાઠવતી
પસાર થઈ રહી છું ત્યારે,
તારી લહેરોને સ્પર્શીને દૂર વહી જતા પવન પાસે
હું અનાયાસ કશુંક માગી બેસું છું.
કહું છું : 'હે મેકોંગના વહેણ પર વહેતા પવન ! વચન આપ કે,
એક દિવસ તારા આશ્લેષમાં સમેટીને મને લઈ જશે તું,
ઝંખનાઓને પારના કોઈ સુહાવના પ્રદેશમાં !' ✍

હાસ્ય

# હવે દિવાળી પછી...

રતિલાલ બોરીસાગર

'દિવાળીના દિવસોમાં તમે શું કર્યું ?' એવો એક પ્રશ્ન એક વાર દિવાળી પછી મારો ઇન્ટરવ્યૂ લેવા આવનાર એક બહેને પૂછ્યો.

'દિવાળીના દિવસોમાં મેં બધાં કામો દિવાળી પછી ઠેલવાનું કામ કર્યું !'

'હેં ?' પેલાં બહેન ચોંકી ગયાં.

'પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓ જલદી ચોંકી જાય છે એવું એક સર્વેક્ષણનું તારણ છે એ જાણો છો ?' મારે જવાબો જ આપવાના હતા, પ્રશ્નો પૂછવાના નહોતા તોયે મેં પ્રશ્ન પૂછ્યો.

'હેં ? હેં ?' સર્વેક્ષણને સાચું પાડતાં હોય તેમ બહેનશ્રી વધુ તીવ્રતાથી ચોંકી ઊઠ્યાં.

'ચોંકી ઊઠવાની વાત જવા દો. પણ દિવાળીના દિવસોમાં મેં મુખ્ય કામ મારા હાથ પરનાં કામો દિવાળી પછી ઠેલવાનું કર્યું હતું એ હકીકત છે. જુઓ ને, આ ઇન્ટરવ્યૂ તમે દિવાળી પહેલાં લેવા માગતાં હતાં પણ મેં આ કામ દિવાળી પછી ઠેલ્યું હતું.' બહેને પછી આ અંગે વધુ પ્રશ્નો પૂછવાનું માંડી વાળી બીજા પ્રશ્નો પૂછ્યા અને ઇન્ટરવ્યૂ પૂરો કર્યો.

કામો આઘાં ઠેલવાં એ મારી અત્યંત પ્રિય પ્રવૃત્તિ છે. આમ તો કામો કરવાં જ નહિ એ મારી પ્રિય વૃત્તિ છે ને મારી અનિચ્છા છતાં આવી પડેલાં કામો આઘાં ઠેલવાં - બને એટલાં આઘાં ઠેલવાં એ મારી પ્રિય પ્રવૃત્તિ છે. આપણા કવિ નિરંજન ભગતનું એક કાવ્ય છે : 'ફરવા આવ્યો છું.' આ કાવ્યના આરંભે જ કવિ કહે છે :

'હું તો બસ ફરવા આવ્યો છું !<br>
હું ક્યાં કોઈ કામ તમારું કે મારું કરવા આવ્યો છું ?'

આ કાવ્યનાં બધાંએ બહુ વખાણ કર્યાં છે, પણ આ કાવ્યપંક્તિઓનો ભાવ જીવનમાં ઉતારનાર એવા જગતે મારી હંમેશાં નિંદા કરી છે. મેં સ્વીકારેલાં અથવા મારી ના પાડવાની અશક્તિનો લાભ (સાચું પૂછો તો ગેરલાભ) લઈને મારા હાથમાં પકડાવાયેલાં કામો કર્યાં વગર તો ચાલતું નથી, પણ એ કામો યથાશક્ય આઘાં ઠેલવા હું મરણિયા પ્રયત્નો કરું છું.

ઉત્તમ માણસો કામનો આરંભ જ કરતા નથી અને આરંભ કર્યા પછી એને અધૂરું છોડતા નથી એવો સંસ્કૃતમાં એક શ્લોક છે. હું શક્ય હોય ત્યાં સુધી પહેલા વિભાગમાં રહીને - કામનો આરંભ ન કરીને ઉત્તમ મનુષ્ય થવા પ્રયત્ન કરું છું. પણ આ જગતમાં મનુષ્ય બનવું જ અઘરું છે; ઉત્તમ મનુષ્ય બનવાનું તો ઘણું અઘરું છે. એટલે લોકો પરાણે

મારી પાસે કામનો આરંભ કરાવે છે. પણ આ શ્લોકના બીજા ભાગમાં જે ગુણ વર્ણવાયો છે - આરંભેલું કામ અધૂરું ન છોડવું તે કેળવવાનું મારા માટે શક્ય નથી - પેલા શિયાળ બાળકની જેમ.

'પંચતંત્ર'ની એક વાર્તા છે. શિયાળના એક બચ્ચાની મા એને જન્મ આપી મૃત્યુ પામી. એક સિંહણને બચ્ચાની દયા આવી. એણે પોતાના બચ્ચાની સાથે એને ઉછેર્યું. એક વાર હાથીને સામેથી આવતો જોઈ સિંહણનાં બચ્ચાં એની સામે ધસ્યાં. પેલો શિયાળ બાળક પણ ઉશ્કેરાયો ને હાથી સામે ધસી જવા તૈયાર થયો, પણ સિંહણે મૃદુતાથી કહ્યું, 'બેટા, તું જે કુળમાં જન્મ્યો છે તેમાં હાથી મારવામાં આવતો નથી.'

મને કોઈએ કહ્યું નથી (અને કહ્યું છે ત્યારે સિંહણની જેમ મૃદુતાથી કહેવાને બદલે કઠોરતાથી કહ્યું છે) પણ મેં જાતે શોધી કાઢ્યું છે કે આરંભેલું કામ ગમે તેમ કરીને પણ પૂરું કરવાનો ગુણ જન્મથી જ મારામાં નથી. આમ છતાં આરંભેલાં કામો શક્ય એટલાં આઘાં ઠેલવાનો ગુણ મારામાં જન્મથી જ છે. કદાચ જન્મજન્માન્તરથી છે એ પણ મેં શોધી કાઢ્યું છે. પણ જગત આની જોઈએ એવી કદર કરી શક્યું નથી. ઊલટું અત્યંત ઉત્સાહથી જગતે મારી આ બાબતમાં નિંદા કરી છે. જેમ કે,

'તમે વાયદેઆઝમ છો.'

'તમારાં હાડકાં હરામનાં થતાં જાય છે.'

'તમારે કામ પૂરું ન કરવું હોય તો ના પાડી દો, પણ આમ બહાનાં કાઢવાં રહેવા દો.' - વગેરે.

- પણ દિવાળીના દિવસોમાં હું કહું છું કે 'દિવાળી પછી ચોક્કસ !' તો લોકો કશું બોલતા નથી અથવા 'સારું સારું' એટલું જ બોલે છે.

આ દિવસોનું વાતાવરણ જ જુદું હોય છે. જોકે કોક વાર આમાં મુશ્કેલી પડે છે. એક લેખકમિત્રના પ્રસિદ્ધ થનારા પુસ્તકની હસ્તપ્રત મારી પાસે છે. મારે એની પ્રસ્તાવના લખવાની છે. દિવાળી પહેલાં એમનો ફોન આવ્યો : 'પ્રસ્તાવના ?'

મેં કહ્યું, 'દિવાળી પછી ચોક્કસ !'

'ગયે વર્ષે પણ તમે આમ જ કહ્યું હતું, 'દિવાળી પછી ચોક્કસ.' મિત્રે કહ્યું.

એટલે આવું થાય કોઈ વાર. પણ એકંદરે 'દિવાળીના દિવસોમાં 'દિવાળી પછી'ની વાત લોકો સહેલાઈથી સ્વીકારી લે છે.

*

પણ પછી તો વિશેષ ચિંતન કરતાં મને લાગ્યું કે 'કામો આઘાં ઠેલવાં' એ તો આપણી રાષ્ટ્રીય પ્રવૃત્તિ છે.

સ્વાતંત્ર્ય પછીની તમામ સરકારોએ કામ આઘાં ઠેલવાની બાબતમાં એકબીજા સાથે હરીફાઈ કરી છે. દરેક સરકાર આતંકવાદને ડામી દેવાનું કામ પણ આઘું ને આઘું ઠેલી રહી છે. જયહિંદ !

ટેક્નૉલૉજી

# નવો ફોન ક્યારે ખરીદવો ?

હર્ષ મેસવાણિયા

આ વર્ષે દિવાળીના તહેવારોમાં ૪.૭૫ લાખ કરોડ રૂપિયાની ખરીદી થવાનો અંદાજ છે. અર્થતંત્રમાં ફેસ્ટિવલ ઇકૉનૉમી નામનો એક વિચાર પ્રચલિત છે. તહેવારોમાં જે ખરીદ-વેચાણ થાય, તેને ફેસ્ટિવલ ઇકૉનૉમી કહેવાય છે. ભારતમાં તહેવારો દરમિયાન જીડીપીના ૧૦ ટકા જેટલી ખરીદી થાય છે. ભારતમાં તહેવારો અર્થતંત્ર માટે પ્રોત્સાહક સાબિત થાય છે અને તેનાથી નવી ઊર્જા આવી જાય છે અને એમાં દિવાળીની તો શી વાત કરવી?

દિવાળીના તહેવારોમાં ભારતીયો સૌથી વધુ ખર્ચ કરે છે. ઘરની સાફ-સફાઈનાં સાધનોથી લઈને હોમ ઍપ્લાયન્સિસ, કપડાં, જૂતાં સહિત કંઈ કેટલીય ખરીદી દિવાળી પહેલાં થાય છે. દિવાળીના તહેવારોમાં ભારતીયોની ખરીદશક્તિ વધી જાય છે અને તે જોઈને ઈ-કૉમર્સ કંપનીઓ પણ માતબર ઑફર્સ લઈને આવે છે. દિવાળી પહેલાં વેચાતી ચીજવસ્તુઓના ભાવમાં ૨૫થી ૫૦ ટકા સુધીનો ફરક પડે છે અને ભારતીયો તેનો ભરપૂર લાભ ઉઠાવે છે. એમાં સૌથી પૉપ્યુલર શૉપિંગ હોય છે મોબાઇલનું.

અનેક લોકોએ દિવાળીમાં નવો ફોન લીધો હશે. કેટલાક લોકોએ જૂના ફોનમાં ઑનલાઇન એક્સચેન્જ ઑફર મેળવી હશે, તો અમુક લોકોએ જૂના ફોનને વેચવાની ચિંતા કર્યા વગર ઈએમઆઈથી કે પછી વન ટાઇમ પેમેન્ટથી નવો ફોન ખરીદી લીધો હશે. ગુજરાતમાં નવું વર્ષ એટલે જૂની ચીજવસ્તુઓનો નિકાલ ને નવી ચીજવસ્તુઓનો સ્વીકાર. એ હિસાબે જૂના ફોનને વિદાય આપીને કેટલાય લોકો નવા ફોનની બદલાયેલી સિસ્ટમ સમજવામાં પડ્યા હશે. મહત્ત્વનો સવાલ એ છે કે જૂનો ફોન ખરેખર ક્યારે બદલવો જોઈએ ?

આ સવાલનો આમ તો કોઈ જવાબ ન હોઈ શકે. ગજવામાં બજેટ હોય તો ગમે ત્યારે મોબાઇલ ખરીદી શકાય. અમુક લોકો દર છ મહિને મોબાઇલ બદલી નાખતા હોય છે, તો અમુક લોકો વર્ષે નવો મોબાઇલ ખરીદી લે છે. ઘણા તો ત્રણ જ મહિનામાં કોઈ કંપનીના છેલ્લામાં છેલ્લા મૉડલથી પ્રભાવિત થઈને પોતાનો જૂનો ફોન ખોટ ખાઈનેય વેચી નાખે છે ને નવો મોબાઇલ ખરીદે છે. આ બધાથી અલગ અમુક લોકો એકનો એક ફોન પાંચ પાંચ વર્ષ સુધી વાપરે છે. જેમને ખપ પૂરતો જ મોબાઇલનો ઉપયોગ હોય છે તેમને બદલવાની ખાસ જરૂર પડતી નથી. વળી અમુક મોબાઇલ વારંવાર બદલવાના પક્ષમાં નથી હોતા. તેઓ એને પૈસાની બરબાદી માને છે.

આ બધા વચ્ચે સવાલ એ છે કે ખરેખર મોબાઇલ કેટલા સમય બાદ બદલવો જોઈએ ? મોબાઇલ બદલવા માટે ટેક્નૉલૉજીના નિષ્ણાતો શું સલાહ આપે છે ? મોબાઇલ જ્યાં



સુધી ચાલે ત્યાં સુધી ચલાવવો જોઈએ ? કોઈ નવું મૉડલ બજારમાં આવે ને ગમી જાય તો તે મોબાઇલ ખરીદી લેવો જોઈએ ? આપણા મિત્રો કે પરિવારના સભ્યો કે આસપાસના લોકો નવો ફોન લઈ લે ત્યારે આપણેય વિચારવું જોઈએ ?

મોબાઇલ બદલવાનો સમય થયો છે એવું આમ તો મોબાઇલ ખુદ આપણને કહેતો હોય છે. મોબાઇલમાં અમુક ખાસ સંકેતો જોવા મળે ત્યારે સમજવું જોઈએ કે નવા મોબાઇલનો ખર્ચ કરવાનો સમય આવી ગયો છે.

સૌથી મહત્ત્વનું ફૅક્ટર છે સિક્યૉરિટી અપડેટ્સ. દરેક મેકર કંપની સ્માર્ટફોનમાં સમયાંતરે સિક્યૉરિટી અપડેટ આપે છે. સૉફ્ટવૅર અપડેટ અને સિક્યૉરિટી અપડેટ મળતાં રહે ત્યાં સુધી એ ફોન વાપરવામાં ખાસ વાંધો આવતો નથી. નવા નવા પડકારો સામે સૉફ્ટવૅર અપડેટ અને સિક્યૉરિટી અપડેટથી રક્ષણ મળે છે. સૉફ્ટવૅર અપડેટ બંધ થાય પછી ફોન બદલવાનું વિચારવું જોઈએ.

બીજો પૉઇન્ટ છે - મોબાઇલ સ્લો થઈ જતો હોય ને વારંવાર હૅંગ થતો હોય, તો બદલી નાખવાનો સમય આવી ગયો સમજવું. સૉફ્ટવૅર અપડેટ આવવાનું બંધ થાય ને મોબાઇલમાં જૂનાં સૉફ્ટવૅર એટલાં કામ આપે નહીં ત્યારે ફોન ધીમો પડી જાય છે. જગ્યા ઓછી હોય ત્યારેય ફોન હૅંગ થવા માંડે છે. એનો અર્થ એવો થયો કે તમારી જરૂરિયાતથી ફોનમાં ઓછી જગ્યા છે એટલે વધારે રોમ અને રેમ હોય એવો ફોન ખરીદી લેવો જોઈએ.

સ્માર્ટફોનનાં અમુક જૂનાં મૉડલ્સમાં વૉટ્સએપ, યુપીઆઈ જેવી એપ્સ આપોઆપ બંધ થઈ જાય છે. એપ ક્રિએટર્સ કંપનીઓ અમુક અંતરે એવી જાહેરાતો કરે છે કે હવે પછીથી ચોક્કસ મૉડલમાં એપ ચાલશે નહીં. મોટે ભાગે અપડેટ બંધ થઈ જાય પછીના થોડા સમયમાં આ કંપનીઓ પણ એ મૉડલમાં સર્વિસ બંધ કરે છે. ઘણી વખત આ એપ્સ સાવ બંધ ન થાય તોય લેટેસ્ટ ફીચર્સ મળતાં બંધ થઈ જાય છે. આવી એપ્સમાં યૂઝર્સફ્રેન્ડલી અપડેટ અને ફીચર્સ ઉમેરાતાં રહે છે. કંપની લેટેસ્ટ ફીચર્સ તેના જૂના વર્ઝનમાં આપતી નથી. આવું થવા માંડે તો પણ મોબાઇલ બદલવો જોઈએ.

એક મહત્ત્વનું ફેક્ટર છે બૅટરી. જો મોબાઈલમાં બૅટરી વારંવાર ઊતરી જતી હોય ને મોબાઈલ વારંવાર ચાર્જમાં મૂકવો પડતો હોય તો મોબાઈલ બદલવાનો સમય આવી ગયો છે. બૅટરી જૂની થાય તો મોબાઈલમાં બીજી ગરબડો થવાની શક્યતા પણ ખરી. જૂના મૉડલમાં બૅટરીના પ્રશ્નો શરૂ થાય ત્યારે રિપૅર કરવાને બદલે મોબાઈલ બદલવાનું વિચારવું જોઈએ.

એક પરિબળ એ પણ ખરું કે તમે મોબાઈલ કેટલા બજેટમાં ખરીદ્યો હતો. જો ત્રણ-ચાર વર્ષ પહેલાં બહુ જ સસ્તો ફોન ખરીદ્યો હોય તો આ બધી જ સમસ્યા ફોનમાં શરૂ થઈ શકે છે. એ પછી એ ફોનની લાઇફ પૂરી થઈ ગઈ કહેવાય.

મીડિયમ રેન્જનો ફોન હોય તો ત્રણ-ચાર વર્ષમાં એટલો વાંધો આવતો નથી. જ્યારે ફોન ખરીદ્યો ત્યારે કેટલું બજેટ, કેટલી રેમ, કેટલી રોમ, કેટલી બૅટરી લાઇફ વગેરે બાબતો પર કેટલું ધ્યાન આપ્યું છે એના આધારે ફોન બદલવાનો નિર્ણય લેવો જોઈએ. બહુ હાઈ કન્ફિગ્રેશનનો ફોન હોય તો ચાર-પાંચ વર્ષ નીકળી જાય છે, કદાચ વધારે પણ કાઢી નાખે. લો કન્ફિગ્રેશનનો ફોન લીધો હોય તો માંડ ત્રણ વર્ષ ચાલે છે.

એન્ડ્રોઇડ ફોનમાં ત્રણ-ચાર વર્ષ પછી અપડેટ બંધ થઈ જાય છે અને બૅટરી લાઇફ પણ પૂરી થવામાં હોય છે. એ જોતાં ચાર વર્ષ પછી ફોન બદલી નાખવો જોઈએ. મોબાઈલમાં જો આ ચાર-પાંચ પ્રકારના સંકેતો મળતા હોય તો બજેટને ધ્યાનમાં રાખીને ફોન બદલવાનો વિચાર કરવો જોઈએ.

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. જો તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481

Bank Name : Bank Of Baroda, Usmanpura Branch

IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

વિજ્ઞાન

# કારાવાસમાં કાર્બનડાયૉક્સાઇડ

ચિંતન ભટ્ટ

પૃથ્વીની જીવસૃષ્ટિ ખૂબ ઝડપથી અંત તરફ ધસી રહી છે, જેને માટે માનવજાત જવાબદાર છે. કુદરતે રચેલા કાર્બનચક્રને માનવીય લોભે ખોરવી નાખ્યું છે. વનસ્પતિ ઓછી થતી જાય છે અને ઊર્જા વપરાશમાં થતા ઉત્તરોત્તર વધારાને લીધે વાતાવરણમાં અંગારવાયુ(કાર્બનડાયૉક્સાઇડ)નું પ્રમાણ વધતું જાય છે. આ ‘ગ્રીનહાઉસ વાયુ’ છે જેની અસરથી આપણે સૌ વાકેફ છીએ. છેક ૧૯૦૧થી ઉપયોગમાં લેવાતા ‘ગ્રીન-હાઉસ વાયુ’ શબ્દોનું મૂળ સમજવા માટે એક ઉદાહરણ જોઈએ. માની લો કે એક લીલા રંગના કાચનું મકાન છે. સૂર્યમાંથી ઉત્સર્જિત થતા કેટલાક તરંગો લીલા કાચમાંથી પસાર થઈને મકાનની અંદરની સપાટી એટલે કે ધરતી સુધી પહોંચે છે. તેનાથી પૃથ્વી ગરમ થાય છે. સામાન્ય રીતે અંતરિક્ષમાંથી આપાત થતી સૂર્યઊર્જાથી પૃથ્વી જેટલી ગરમ થાય છે તેટલી જ ગરમી તે અંતરિક્ષમાં ઉત્સર્જિત કરતી હોય છે - પાછી મોકલતી હોય છે. આ ગરમી અધોરક્ત (IR) કિરણોના સ્વરૂપે હોય છે; પરંતુ આ કિસ્સામાં લીલા કાચ અધોરક્ત કિરણોને બહાર જવા દેતા નથી અને મકાન અંદરથી ગરમ થાય છે. હવે પૃથ્વીના વાતાવરણ સંદર્ભે ‘ગ્રીનહાઉસ ઈફેક્ટ/વાયુઓ’ વિશે વાત કરીએ. અહીં ગ્રીન એટલે કે લીલો રંગ માની ન લેશો. પૃથ્વીના વાતાવરણમાં કેટલાક વાયુઓ ગરમી શોષીને પૃથ્વીને ગરમ રાખવામાં મદદરૂપ થાય છે. કાર્બનડાયૉક્સાઇડ તેમાં મુખ્ય છે. જો આ વાયુઓનું પ્રમાણ વાતાવરણમાં વધી જાય તો પૃથ્વીનું સરેરાશ તાપમાન પણ વધી જાય. આથી આ પ્રકારના વાયુઓને ‘ગ્રીનહાઉસ ગૅસ’ કહેવામાં આવે છે.

વાતાવરણમાંથી અંગારવાયુનું પ્રમાણ ઓછું થાય તે માટે વિજ્ઞાનીઓ નવી નવી રીતો અજમાવે છે. વીજઊર્જાના ઉત્પાદનમાં કોલસાથી ઉત્પન્ન થતી વીજઊર્જા અગ્રેસર છે, પરંતુ આ સાથે જ કોલસાના દહનથી ઉત્પન્ન થતો કાર્બનડાયૉક્સાઇડ વાતાવરણ માટે હાનિકારક બની જાય છે. દર વર્ષે માનવ ત્રીસ અબજ ટન અંગારવાયુ ઉત્સર્જિત કરે છે, જેમાંનો પચીસ ટકા વાયુ તો વીજઉત્પાદન વખતે કોલસાના દહનથી ઉત્સર્જિત થાય છે. ઉત્સર્જન સ્થળથી જેમ દૂર જઈએ તેમ વાતાવરણમાં અંગારવાયુની ઘનતા ઝડપથી ઘટતી જાય છે. કાર્બનડાયૉક્સાઇડના ઉત્સર્જનની સમસ્યાના ઉપાય તરીકે એક ખાસ પદ્ધતિ વિકસાવાઈ છે. જેને ‘Carbon Capture and Storage - CCS’ કહે છે. આ પદ્ધતિ મુજબ વાતાવરણના અંગારવાયુને કેદ કરી દાટી દેવાનો જેથી તે જીવસૃષ્ટિને કનડે નહીં. જીવસૃષ્ટિના આંતરિક ઘટકોમાં કાર્બન એક મહત્ત્વનું તત્ત્વ છે. કહો કે તેના વિના જીવસૃષ્ટિ શક્ય જ નથી. વિધિની વક્રતા એ છે કે એ જ કાર્બનનાં અન્ય સંયોજનો




દ્વારા તેની વધતી જતી માત્રા જીવસૃષ્ટિના અસ્તિત્વને જ પડકારી રહી છે ત્યારે કવિ કલાપી યાદ આવી જાય છે - 'જે પોષતું તે મારતું એ ક્રમ દીસે છે કુદરતી.'

માનવસર્જિત અંગારવાયુને નાથવા માટે CCS ટૅક્નૉલૉજીનો ઉપયોગ પ્રમાણમાં નવો છે. ૧૯૭૭માં ઇટાલિયન ભૌતિકશાસ્ત્રી સિઝરે માર્ચેટી(Cesare Marchetti)એ પ્રસ્તાવ મૂક્યો હતો કે કોલસા દ્વારા વીજઉત્પાદન કરતા ઉદ્યોગો અને ઈંધણ રિફાઇનરીઓ દ્વારા ઉત્સર્જિત અંગારવાયુને ઘટાડવા માટે CCS ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરવો જોઈએ. ૧૯૮૦ના દાયકાની શરૂઆતમાં નાના પાયે અમલીકરણનું નિદર્શન કરવામાં આવ્યું. ૧૯૯૧માં તેનું આર્થિક મૂલ્યાંકન કરવામાં આવ્યું. CCS ટૅક્નૉલૉજીનો મોટા પાયે પ્રથમ પ્રકલ્પ ૧૯૯૬માં નૉર્વેના Sleipner Gas Field ખાતે શરૂ કરવામાં આવ્યો.

કાર્બનપ્રદૂષણને નાથવા માટે નવી લાગતી આધુનિક CCS ટૅક્નૉલૉજી કંઈક આ મુજબ છે. વીજઉત્પાદક મથકો જેવા મોટા ઉદ્યોગો વિપુલ માત્રામાં અંગારવાયુનું ઉત્સર્જન કરે છે. આ અંગારવાયુ વાતાવરણમાં સંપૂર્ણપણે ભળી જાય તે પહેલાં જ તેને પકડી લઈ ભોંયમાં ભંડારી દેવામાં આવે છે. અંગારવાયુના સ્રોત પાસે તેની ઘનતા વધારે હોવાથી તેને વાતાવરણમાંથી છૂટો પાડવો સરળ અને કિફાયતી છે. અંગારવાયુને વાતાવરણમાંથી છૂટો પાડવા માટે વિવિધ રાસાયણિક અને ભૌતિક પ્રક્રિયા હાથ ધરાય છે. તેને ભંડારવા માટે જમીનની નીચે એટલી મોકળાશ જોઈએ કે જેથી ઘણી મોટી માત્રામાં અંગારવાયુને સમાવી શકાય. ભૂસ્તરશાસ્ત્રીઓ જમીનની નીચે અંગારવાયુ ભંડારી શકાય તેવો વિસ્તાર ખોળી કાઢે છે, પરંતુ આ વિસ્તાર અંગારવાયુના સ્રોતથી દૂર હોવાની સંભાવના હોય છે. સ્રોત પાસે પકડેલા અંગારવાયુને પાઈપલાઈન દ્વારા ભંડારના સ્થળ સુધી લઈ જવાય છે. આ સરળ અને સસ્તો ઉપાય છે. અમેરિકાએ આ માટે આઠ હજાર કિલોમીટરની પાઈપલાઈન બિછાવી છે. વહન કરતાં પહેલાં

અંગારવાયુને શુદ્ધ કરાય છે. ત્યારબાદ તેને જમીનમાં દાટી દેવાય છે. જો વાયુમાં અશુદ્ધિ હોય તો પાઈપલાઈન ટૂંકા ગાળામાં ખવાઈ જાય. ભૂસ્તરશાસ્ત્રીઓ વિવિધ કામ માટે કાર્બનડાયૉક્સાઈડને જમીનમાં દાટતા આવ્યા છે, પરંતુ લાંબા સમય સુધી તેને બંદી બનાવી રાખવો એ નવી વાત છે. ઉત્સર્જિત અંગારવાયુમાંથી આ રીતથી નેવું ટકા સુધી છુટકારો મળે છે. કાર્યક્ષમ વહન માટે કાર્બનડાયૉક્સાઈડ શુદ્ધ, અધિક ઘનતાવાળો અને દબાણયુક્ત હોવો જોઈએ. આ પ્રકારનો અંગારવાયુ મેળવવાની પ્રક્રિયાથી વીજળી ઉત્પાદનશુલ્કમાં સો ટકા જેટલો વધારો થવાની શક્યતા છે.

માનવજાત વર્ષોથી ધરતીના પેટાળમાંથી તેલ ઉલેચતી આવી છે - કોલસો ખોદતી આવી છે. આ રીતે જાણેઅજાણે ધરતીના પેટાળમાં જગ્યા થઈ ગઈ અથવા તો ખડકોનાં તેલ ભરેલાં છિદ્રો ખાલી થઈ ગયાં - તેલના કૂવાઓ નિષ્ક્રિય થઈ ગયા. અંગારવાયુને તેલના મૃત કૂવાઓમાં ધરબી દેવામાં આવે છે. આપણે જાણીએ છીએ કે પેટ્રોલિયમ પેદાશમાં પણ કાર્બન મુખ્ય તત્ત્વ છે. પેટ્રોલિયમ પેદાશ વધારવા માટે તેલના કૂવાની બાજુમાં કાર્બનડાયૉક્સાઈડ અંદર ઉતારવાની જૂની અને જાણીતી રીત છે. જેની આ સુધારેલી આવૃત્તિ કહી શકાય. આ ઉપરાંત ખાલી કોલસાની ખાણમાં પણ તેને જનમટીપ આપવામાં આવે છે. આ તો થઈ કાર્બનને વાયુ સ્વરૂપે સંઘરવાની વાત. જો બધું સમુંસૂતરું પાર ઊતરે તો આ રીતે કાર્બનને પાંચસોથી હજાર વર્ષ સુધી કેદમાં રાખી શકાય. કાર્બનને કેદ કરવાના બીજા પણ કેટલાક નુસખા સૂચવાયા છે. દરિયાના પાણીમાં એક હજારથી ત્રણ હજાર મીટરની ઊંડાઈ સુધી અંગારવાયુને પાઈપ વાટે લઈ જઈ ત્યાં પાણીમાં ઓગાળી શકાય. જોકે આ પદ્ધતિમાં ઉચ્ચ દબાણવાળો વાયુ પાણીથી ભારે હોવાથી સમુદ્રને તળિયે બેસી જશે અને એ રીતે રત્નાકરના પેટમાં અંગારવાયુનું સરોવર રચાશે જે દરિયાઈ જીવસૃષ્ટિ માટે ભયજનક સાબિત થાય. કૅલ્શિયમ કે મૅગ્નેશિયમ જેવા ખનિજ સાથે સંયોજન રૂપે કાર્બોનેટ તરીકે પણ કાર્બનને કેદ કરી શકાય.

આખીય પરિયોજનામાં ઊર્જાનો વપરાશ, ધનવ્યય ઉપરાંત અંગારવાયુના ગળતરનો ભય રહે છે. હજારો વર્ષો સુધી અંગારવાયુ કેદ રહે, પણ પ્રાકૃતિક રીતે કે ભૂસ્તર ફેરફારને લીધે થોડા કે મોટા પાયે ગળતર થાય ત્યારે વાતાવરણમાં ત્સુનામી આવી જાય. તદુપરાંત અંગારવાયુના પરિવહન દરમિયાન પાઈપમાં ગળતર થાય તો? આ પદ્ધતિમાં કેટલાક પાયાના પ્રશ્નો છે છતાં પશ્ચિમના કેટલાક દેશોએ તેને લીલી ઝંડી આપી દીધી છે. અલબત્ત, અંગારવાયુને પકડી લઈને તેનો ઉપયોગ અન્ય ઉદ્યોગોમાં પણ કરી શકાય. વર્ષ ૨૦૨૪ના આંકડા પ્રમાણે વિશ્વમાં CCSના ચુમાળીસ પ્રકલ્પો અસ્તિત્વ ધરાવે છે. આ પ્રકલ્પો અમેરિકા, ચીન, કૅનેડા, નૉર્વે, ઑસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કતાર, સાઉદી અરેબિયા અને યુએઈ ખાતે કાર્યરત છે. આપણા વિજ્ઞાનીઓએ આ ટૅક્નૉલૉજીના અમલીકરણ માટે 'થોભો અને રાહ જુઓ'ની નીતિ અપનાવી રહ્યા હોય તેમ લાગે છે. હા, પણ એમ નથી લાગતું કે આવા કૃત્રિમ ઉપાયો અજમાવવાને બદલે વધુ-ઘણાં વધુ વૃક્ષો ઉછેરી કુદરતી ઉપચાર તરફ આગળ વધીએ?

જીવનપાથેય

# ધ્યેય નક્કી કરીને એને વળગી રહો

કૃષ્ણકાંત ઉનડકટ

જિંદગી માત્ર જીવવા માટે નથી. જિંદગી કંઈક કરી છૂટવા માટે છે. જિંદગી પોતાની જાતને સાબિત કરવા માટે છે. કંઈ ન કરીએ અને નવરા બેઠા રહીએ તોપણ જિંદગી તો પસાર થવાની જ છે. જિંદગીની ફિતરત જ સતત ચાલતા રહેવાની છે. આપણે એ નક્કી કરવાનું હોય છે કે, મારે મારી જિંદગી કેવી રીતે જીવવી છે ? દુનિયામાં જે લોકો કંઈક કરી ગયા છે એ બધાએ પોતાનાં સપનાં સાકાર કરવા માટે સમય અને જિંદગી ખર્ચી છે. નામ ક્યારેય એમ ને એમ થઈ જતું નથી, નામ કરવું પડતું હોય છે. માણસ જેટલી મહેનત કરે એટલે સુધી પહોંચી શકે છે. ઘણા લોકો નસીબની વાત કરતા હોય છે. નસીબ જેવું કંઈક હશે તોપણ નસીબેય પુરુષાર્થ વગર ક્યારેય ચમકતું નથી. દરેકે પોતાની જિંદગી માટે સપનાંઓ જોયાં હોય છે. કંઈક બનવા માટે અને કંઈક હાંસલ કરવા માટે માણસ પ્રયાસો પણ કરતો જ રહે છે. ઘણા કિસ્સામાં માણસ થાકીને પ્રયાસ અધૂરો છોડી દે છે. હિંમત હારી જાય છે. મારાથી નહીં થઈ શકે, હું નહીં કરી શકું, આ મારી ત્રેવડની બહારનું છે, આવું બધું વિચારીને માંડી વાળે છે. માણસ મનથી પહેલાં હારતો હોય છે, મનથી હારી ગયા પછી વાસ્તવિક હાર થયા વગર નથી રહેતી. જે છેક સુધી લડી લેવાનું નક્કી કરે છે એને જ ધાર્યાં પરિણામ મળે છે. હવે પૂરું કરીને જંપવું છે, જે થવું હોય એ થાય, પણ મેં જે આદર્યું છે એ અધૂરું છોડવું નથી. એવો નિર્ણય જ સરવાળે સફળતા સુધી લઈ જતો હોય છે.

એક યુવાનની આ વાત છે. એનાં સપનાં ખૂબ જ ઊંચાં હતાં. દર વખતે તેના મોઢે એવી જ વાતો હોય કે, આમ કરી નાખવું છે અને તેમ કરી નાખવું છે. થતું એવું કે, નવું કંઈક શરૂ કરે એ પછી થોડા જ સમયમાં એને એ કામમાં કંટાળો આવવા લાગે. એ જે કામ કરતો હોય એમાં પોતે જ પ્રૉબ્લેમ શોધતો રહે અને પછી એવું વિચારે કે આ કામ કરવાથી કંઈ વળવાનું નથી. આના કરતાં તો બીજાં ઘણાં કામો કરવા જેવાં છે. થોડા જ દિવસોમાં એ કામ બદલી નાખે. એક વખત તેના મિત્રએ તેને કહ્યું કે, ‘આ તું શું કરે છે ? વારંવાર વિચાર અને કામ બદલતો રહે છે. આવું કરીને તો તું તારો સમય, તારી શક્તિ અને તારી સંપત્તિ વેડફી રહ્યો છું. તું એક ધ્યેય નક્કી કર અને પછી એને વળગી રહે. વારંવાર નિર્ણયો બદલવા જોખમી છે.’ આપણી આસપાસ એવા ઘણા લોકો હોય છે જેને આપણે પૂછવું પડે છે કે, આજકાલ શું કરે છે? કયું નવું કામ હાથમાં લીધું છે? એક યુવાને કહ્યું કે, ‘મારી પાસે ચાવી છે પણ તાળું નથી એટલે હું બધાં તાળાંને ચાવી લગાવી જોઉં છું અને સાચા તાળાની રાહ જોઉં છું.’ તેના મિત્રએ

આ વાત સાંભળીને કહ્યું કે, 'તારો રસ્તો જ ખોટો છે, તું પહેલાં તાળું શોધ અને પછી તેની ચાવી બનાવ. તાળું હશે તો ચાવી બની જશે, પણ ચાવી લઈને જ ફરતો રહીશ તો કદાચ તારે જે તાળું જોઈએ છે એ ક્યારેય નહીં મળે.' સૌથી પહેલાં નિર્ણય કરવાનો હોય છે અને પછી એ નિર્ણયને સાર્થક કરવાનો હોય છે. નિર્ણય સાર્થક કરવા માટે સંઘર્ષ કરવો પડે છે. નિર્ણય વારંવાર બદલતા રહીએ તો ક્યારેય ધાર્યું હોય ત્યાં સુધી પહોંચી શકાતું નથી.

એક સરસ સૂફી કથા છે. એક વખત માખીઓ પરવાના એટલે કે પતંગિયા પાસે ગઈ. તેણે કહ્યું, 'તમારે તો બહુ સારું છે, પ્રકાશ શોધીને એની પાસે ફરતા રહેવાનું.' માખીઓએ પછી કહ્યું કે, 'તમારું આટલું બધું માન કેમ છે ? તમારા અને અમારામાં આમ તો કંઈ ફેર નથી. તમને પણ પાંખો છે અને અમને પણ પાંખો છે, તમેય ઊડો છો અને અમેય ઊડીએ છીએ. તમારા જેટલું જ નામ અને ઈજ્જત અમને પણ મળવાં જોઈએ. એના માટે અમારે શું કરવું જોઈએ ?' માખીઓની આ વાત સાંભળીને પતંગિયાંઓએ કહ્યું, 'તમને એવું લાગતું હોય તો જે અમે કરીએ છીએ એ તમે પણ કરવા માંડો.' માખીઓએ પૂછ્યું, 'શું ?' પતંગિયાંઓએ કહ્યું કે, 'અમે પ્રકાશની શોધમાં જ હોઈએ છીએ. દીવો, મીણબત્તી, લાઇટ કે બીજો કોઈ પ્રકાશ હોય ત્યાં અમે પહોંચીએ છીએ. તમે પણ પ્રકાશની શોધમાં નીકળી પડો.' માખીઓ કહે, 'એમાં શું મોટી વાત છે ?' આટલું કહીને માખીઓ પ્રકાશની શોધમાં નીકળી પડી. બીજા દિવસે માખીઓ પાછી આવી અને પતંગિયાને કહ્યું કે, 'અમે પ્રકાશને શોધી લીધો છે.' એ પછી માખીઓએ ગણાવવાનું શરૂ કર્યું. પેલા ગામમાં આટલા દીવા છે, ત્યાં મીણબત્તી બળે છે, આટલી જગ્યાએ બલ્બ ચાલુ હોય છે. માખીઓએ કહ્યું, 'અમે પ્રકાશ શોધી લીધો, હવે તમે શું કહેશો ?' પતંગિયાએ પછી માર્મિક વાત કરી. તેણે કહ્યું કે, 'પ્રકાશ મળી ગયો હતો તો પછી પાછા શા માટે આવ્યા ? અમારી મંજિલ જ પ્રકાશ છે. મંજિલ મળી જાય પછી પાછા વળવાનું ન હોય. પરવાના તો શમાને પામવા સળગી પણ જતા હોય છે.' મંજિલની ખબર હોય એ પૂરતું નથી, મંજિલને મેળવીને એને માણતાં પણ આવડવું જોઈએ. આપણી જિંદગીમાં પણ ઘણી વખત એવું થતું હોય છે. જેની ઝંખના હોય એ મળી જાય પછી આપણે એનાથી મોઢું ફેરવી લેતા હોઈએ છીએ. ધ્યેયપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી પ્રયાસો કરતા રહેવા પડે છે. ધ્યેય સિદ્ધ થઈ જાય પછી જ ઓળખ બનતી હોય છે.

કોઈ ધ્યેય નક્કી કરીએ ત્યારે એક વાત એ પણ યાદ રાખવાની હોય છે કે, મુશ્કેલીઓ અને પડકારો તો આવવાના જ છે. કોઈ રસ્તો સીધો નહીં હોવાનો. એ વિશે પણ એક સરસ વાત કહેવાતી આવી છે કે, સરળ રસ્તાઓ ઘણી વખત ક્યાંય જતા હોતા નથી. સાચો માણસ એ છે જે બીજાના રસ્તે ચાલતો નથી, પણ પોતાનો માર્ગ પોતે જ બનાવે છે. એક ગામડું હતું. એ ગામમાં એક ખેડૂત રહેતો હતો. ઘરેથી ખેતર સુધી રોજ ચાલીને

**(અનુસંધાન ૨૯મા પાને)**

સંસ્કૃતિ

# શંખેશ્વરના સ્વામી શ્રી પાર્શ્વનાથપ્રભુ

સુધા ભટ્ટ

ગુજરાતના પાટણ જિલ્લાનું ગામ શંખેશ્વર વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. પૌરાણિક શિલાલેખોમાં શંખપુરનો નામોલ્લેખ છે. આ ભૂમિ પર શ્રી કૃષ્ણે જરાસંધ નામના રાક્ષસ ઉપર વિજય પ્રાપ્ત કર્યો પછી 'વિજયશંખ' ફૂંકેલો તેથી શંખપુર. યોગાનુયોગ એવો કે એક અષાઢી શ્રાવક મોક્ષ ઝંખતા હતા. નવમા તીર્થંકર દામોદર સ્વામીની સલાહથી આ જૈન ભક્ત અર્ધકાળચક્રગતિ આધારિત ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથના મુખ્ય શિષ્ય (ગણધર) બન્યા અને તપ કર્યું. જૈન દંતકથા અનુસાર તેમણે ભગવાન પાર્શ્વનાથની શ્રી મૂર્તિની અખંડ સેવા કરી. જેનું અનુસરણ દેવો, દાનવો અને પૃથ્વીસ્થિત મનુષ્યોએ પણ કર્યું. જ્યારે શ્રદ્ધાની, સાહિત્યની અને કળાની વાત આવે છે ત્યારે ત્યાં કોઈ દલીલ કે ચર્ચાને સ્થાન નથી જ હોતું. ભારતના એ સુવર્ણયુગમાં 'સર્વ ધર્મ - મમ ધર્મ'નું સન્માન થતું ત્યારે ઇતિહાસ સ્વયં કાલાતીત બની જતો. તર્ક કે વિજ્ઞાન એકમેકમાં ઓગળી જતા ત્યારે મૂળ આઠમી સદીમાં આ ગામમાં બંધાયેલા ભગવાન પાર્શ્વનાથ મંદિરનું સ્થાન, માન, સન્માન ઘણું ઊંચેરું હતું. પછી તો રેકૉર્ડ મળે છે કે અગિયારમી-બારમી સદીમાં સજ્જન શાહે આ મંદિરનું પુનઃ નિર્માણ કરાવ્યું. રૂપેણ નદીને કાંઠે વસેલા આ રૂપાળા ગામમાં પ્રસ્તુત મંદિરનું મહાત્મ્ય દરેકને હોઠે અને કંઠે હતું. વસ્તુપાળ-તેજપાળે ચાલુક્ય કાળમાં એનો ફરી જીર્ણોદ્ધાર કરાવ્યો. એ સમયે આ પવિત્ર સ્થાનમાં બાવન મૂર્તિઓ વિદ્યમાન હતી. સમય સરતાં ૧૩મી સદીમાં ફરીથી એ જ ઉપક્રમ થયો અને આપણા કમભાગ્યે અલ્લાઉદ્દીન ખીલજીએ અહીં વિનાશ વેર્યો. ખેર, સોળમી અને સત્તરમી સદીમાં મૂર્તિઓ સાથે મંદિરને નવજીવન મળ્યું. હાલનું મંદિર ૧૮૧૧માં બંધાયેલું છે જેનું આવશ્યકતા અનુસાર સ્વરૂપ જાળવી રાખવા માટેના પ્રયત્નો સતત બરકરાર રહે છે.

કાળની ઝાપટે અડીખમ રહેલા આ પવિત્ર મંદિર સ્થાપત્યનું સૌંદર્ય જાળવી રાખવાની અને એના રક્ષણની જવાબદારી જૈન શ્રેષ્ઠીઓએ આસ્થાપૂર્વક ઉપાડી છે અને તેથી જ અનેક વાર કાયાકલ્પ થયો છે, તેથી પાર્શ્વનાથ અને તેમનું આ શ્રી સ્થળ હૃદયસ્થ રહી શક્યાં છે. સ્થાપત્યશૈલીની વાત કરીએ તો શંખેશ્વર તીર્થના આ મંદિરમાં પારંપરિક જૈન સ્થાપત્યનું અનુશાસન છે. છતાંય કલાપ્રિય, ભાવક, રસિકજનોને મંદિરની બાંધણીમાં બેશુમાર વૈવિધ્ય દેખાય છે. સૌંદર્ય તો વહેતી ગંગા છે. એ ક્યાં કોઈને માટે ઊભું રહે છે ! કોઈ વસ્તુનું એ મોહતાજ નથી. હા, જેની દૃષ્ટિમાં, હૃદયમાં અને મનમાં સુંદરતા છે તેને કોઈ નામ કે શીર્ષકની તમા નથી. આ..હા..હા અતિ



શુભ્ર - ચમકતા આરસના આ મંદિરની વિશેષતા જોઈ એમાં લીન બની જવાય. આખાય આ સંકુલનો કલાત્મક નઝારો અને નકશો મનોહર છે. ઝીણવટભરી નકશી અને કોતરણીયુક્ત વિસ્તૃત અને ભવ્ય કલાનો એક ઉત્તમ અને અપૂર્વ નમૂનો આપણી આંખ ઠારે. હસ્તકલાના સ્પર્શ સહિત સુશોભિત સ્તંભો એ મંદિર કળાનાં ખાસ લક્ષણો છે. એ સ્તંભો પ્રવેશદ્વારથી લઈને આપણી સાથે જાણે કે મંદિરની અંદર પણ પ્રવેશી એમના અન્ય અલંકૃત સાથી સ્તંભોનો પરિચય કરાવે છે. પ્રવેશદ્વારે મધ્યમાં ઉપરના ભાગે ગુંબજ જેવી રચના પણ કળાકારીગરીયુક્ત છે. હા...પ્રવેશે ચોરસ આકાર સર્જી ઊભેલા સ્તંભો છે તે મંદિરની બંને બાજુની ભીંતો તરફ જતી પરસાળને પણ શોભાવે છે જેમાં આડી-ઊભી રેખાઓ અને વળિયા છે.

જેવો મંદિરપ્રવેશ કરીએ કે મોટી કમાનાકાર પરસાળ બંને હાથ લંબાવી આપણને આવકારે - આકર્ષે. અંદરની રસાત્મકતા આધ્યાત્મિક લાગે. અનેક પ્રતીકો અને વિવિધ ભાતથી સજાવાયેલું સર્વાંગ સુંદર સ્થાપત્ય આપણને ધ્યાનસ્થ કરી દે. અંદર ચાલે વળી એક વિચારધારા અને એમાં ભળે શૃંગારિકા તત્ત્વોમાં ભળેલું કાચકામ (મિરર વર્ક). અંદર ગર્ભગૃહને સંલગ્ન મુક્ત વિશાળ ખંડો, ચોક જેવા ચોખંડા સભામંડપ. અંદર શાંતિ અને શીતળતા અપાર. ઠેર ઠેર ગોખલામાં અને સ્તંભો, તેની કુંભીઓ અને મદલ પર નકશી-કોતરણી સાથે નાનાંમોટાં શિલ્પો ઉપર જે-તે સમયની છાયા વરતાય એવું કલાકર્મ. ઝરૂખા, કમાનો પર પણ કલાત્મક વળાંકદાર કુદરતી તત્ત્વોનાં અંકન. બારમી સદીમાં જયસિંહ સિદ્ધરાજના સમયમાં ‘શંખેશ્વર’ નામ પ્રચલિત થયું એ જ સમયે અસંખ્ય નાનાંમોટાં ધવલ શિખરો પર સોનાના કળશ અને ધજાજી પધરાવવામાં આવ્યાં.

મંદિરની અંદર ગર્ભગૃહમાં મુખ્ય મૂર્તિને ‘મૂળનાયક’ કહેવાય છે. તે ૧૮૨ સેન્ટિમીટરની (૨૨ ઇંચ) ઊંચાઈ ધરાવે છે. શુભ્ર અને તેજસ્વી પાર્શ્વનાથ પ્રભુની

પ્રતિમા પદ્માસન મુદ્રામાં અતિ પ્રભાવી લાગે છે - જેમની આંખોમાંથી કરુણા વહે છે. મૂળનાયક શંખેશ્વરની ફરતે ૫૭ દેરીઓ છે અને ગૂઢમંડપની દીવાલમાં ૧૯૧૭માં અતિસુંદર ચિત્રકામ કરાયું હતું જે આજે પણ યથાવત્ રહ્યું છે. એ સમયે પ્રતિમાઓને ભૌગોલિક સ્થળ મુજબ ઓળખ અને નામ મળતાં. શંખેશ્વર પાર્શ્વનાથજી કુલ ૧૦૮ પાર્શ્વનાથ મૂર્તિઓમાંના એક છે જેમની અનેકાનેક પ્રતિકૃતિઓ સઘળે જોવા મળે. અહીં પ્રભુનું ભીડભંજન સ્વરૂપ તેમની મૂર્તિની જમણી બાજુના મંદિરમાં બિરાજે છે. તો, અજિતનાથની મૂર્તિ ડાબી બાજુએ છે. પ્રસ્તુત મંદિરમાં અન્ય શિલ્પો - ધરણેન્દ્ર, પદ્માવતી, પાર્શ્વ અને ચકેશ્વરી પણ છે. આમ, મંદિર સ્થાપત્યને વાસ્તુશાસ્ત્ર મુજબ માનવીય દેહ આકાર પ્રમાણે સ્થાપવામાં આવે છે તેથી એમાં રહેલાં તત્ત્વો મંદિરને જીવંત બનાવે છે. તેની આભા અને પ્રભા વડે તે આપણાં મન-હૃદયમાં ઉચ્ચ સ્થાને રહે છે. માટે આવાં સર્વાંગ સંપૂર્ણ સ્થાપત્યો સમગ્રપણે આપણા જીવન ઉપર ઘેરી હકારાત્મક અસર મૂકે છે. કલા, સાહિત્ય અને અધ્યાત્મ ભક્તિભાવને ઘડે તેની પાછળ સ્થાપત્યકળા અને એનાં શૃંગારિક તત્ત્વોનો પણ મોટો હિસ્સો છે.

---

**(૨૬મા પાનાનું ચાલુ)**

જાય. એને એક દીકરો હતો. એ પણ તેની સાથે ખેતરે જતો. એક દિવસ દીકરાએ પિતાને પ્રશ્ન કર્યો, 'આપણે જે રસ્તે જઈએ છીએ એ કેડી કોણે બનાવી ?' પિતાએ કહ્યું, 'એ તો મને ખબર નથી. આ કેડી તો વર્ષોથી છે. તું જેમ મારી સાથે આવે છે એમ હું પણ મારા પિતા સાથે આ કેડી પરથી જ જતો હતો.' દીકરાએ કહ્યું, 'તમને નથી લાગતું કે, આપણા માટે આ કેડી ખોટી છે ?' પિતાને આશ્ચર્ય થયું. તેણે દીકરાને સવાલ કર્યો, 'કેમ આવું કહે છે ?' દીકરાએ કહ્યું, 'આપણું ખેતર તો નજીક છે, આ કેડી ફરી ફરીને જાય છે એટલે આપણે મોટું ચક્કર મારવું પડે છે. એના કરતાં એવું કરીએ તો આપણે આપણા ઘરથી આપણા ખેતર સુધીની નવી કેડી જ બનાવીએ.' પિતાને થયું કે, આ વિચાર મને કેમ ક્યારેય ન આવ્યો?

ઘણી વખત આપણે જે રસ્તો હોય એના પર જ ચાલતા રહેતા હોઈએ છીએ. બીજો કોઈ રસ્તો હોઈ શકે છે અથવા તો નવો રસ્તો બની શકે એમ છે એના વિશે આપણે ક્યારેય વિચાર જ નથી કરતા. જે કંઈક જુદું વિચારી શકે છે એ જ કંઈક નવું કરી શકે છે. વિચારોને પણ ઘણી વખત મોકળાશ આપવી પડતી હોય છે. વિચારોને બાંધી રાખીએ તો વિચારો પણ એક હદથી વધુ, જુદું, નોખું અને અનોખું વિચારતા નથી. આપણો રસ્તો, આપણી મંજિલ આપણે નક્કી કરવાનાં હોય છે અને ત્યાં સુધી પહોંચવા માટે જે પ્રયાસો કરવા પડે એ કરવામાં પણ ક્યારેય પાછી પાની થવી ન જોઈએ. કુદરતે દરેક માણસને શક્તિ આપી છે, જે શક્તિને પિછાણી જાણે છે એ જ જિંદગીને માણી જાણે છે !

સ્થાપત્ય

# આકાર અને ઉપયોગિતા

હેમંત વાળા

મહારાષ્ટ્રના કોપરગાંવની શારદા સ્કૂલનું વર્ષ ૨૦૧૮માં તૈયાર થયેલ આ પુસ્તકાલય છે, જેની રચના સ્થપતિ સમીપ પાડોરા ઍન્ડ ઍસોશિએટ્સ દ્વારા નિર્ધારિત કરાઈ છે. આ પુસ્તકાલય માટે આ સ્થપતિને વર્ષ ૨૦૧૯માં બીજલી ઍવૉર્ડ અપાયો હતો. આ પુસ્તકાલયની રચનામાં રહેલી અનૌપચારિકતાને કારણે વિદ્યાર્થી અહીં સરળતાથી 'ગોઠવાઈ' જાય છે.

પેવેલિયન સમાન આશરે ૫૭૫ ચોરસ મીટર વિસ્તારનું આ પુસ્તકાલય વિદ્યાર્થીઓના આવનજાવનના માર્ગ ઉપર એ રીતે બનાવવામાં આવ્યું છે કે અહીંથી પસાર થતી વખતે વિદ્યાર્થીઓ પુસ્તકનો ઉપયોગ કરવા પ્રેરાય. અહીં એક બાજુ શાળા અને બીજી બાજુ પ્રસ્તાવિત રમતનું મેદાન હોવાથી પુસ્તકાલય માટે આ સ્થાનની પસંદગી કરવામાં આવી. વળી જગ્યાની સંકડાશને કારણે રેખાકીય મકાન બનાવવાની જરૂરિયાત હતી. એમ કહી શકાય કે આ પુસ્તકાલયની રચનાનો આધાર વળાંકાકાર છાપરું અર્થાત્ 'વોલ્ટ' છે. જરૂરિયાત પ્રમાણેનું ક્ષેત્રફળ રોકી શકે અને નિર્ધારિત સ્થાન ઉપર ગોઠવાઈ શકે તે મુજબ - રીતનો વોલ્ટ નિર્ધારિત કરાયાં પછી તેનું વિગતીકરણ ઉપયોગિતા મુજબ સૂચિત કરાયું હોય તેમ જણાય છે.

સોળમી સદીમાં વિકસેલ વળાંકાકાર છતની 'કેટલન ટાઇલ' શૈલીનો અહીં ઉપયોગ કરાયો છે. પરદેશમાં આ પ્રકારની છત અસરકારક રીતે આ પહેલાં પ્રયોજાઈ ચૂકી છે. મજબૂતાઈ, કિંમત, ઉપયોગિતા, નાટકીયતા તેમજ રસિકતાના સંદર્ભમાં આ પ્રકારની રચનાને સ્વીકૃતિ મળ્યા બાદ સમગ્ર વિશ્વમાં તેનો પ્રસાર થયો. આ પ્રકારની રચનામાં જમીનમાં બનાવાયેલા કૉન્ક્રીટના ટેકા - પેડેસ્ટલ્સનો આધાર લઈ વ્યક્તિ છતની ઉપર પણ જઈ શકે છે. આને કારણે છત અને જમીન વચ્ચેનું સમીકરણ ગાઢ તેમજ ઉપયોગી બને છે. અહીં છત, છત ન રહેતાં ઉપસેલી જમીન બની જાય છે. એમ કહી શકાય કે આ પુસ્તકાલય જમીનના સ્તરના ઔપચારિક વિસ્તરણ તરીકે લાગે છે. બસ, જમીન પરથી ચાલતાં ચાલતાં પુસ્તકાલયની છત પર પહોંચી જવાય. એક દૃષ્ટિકોણ પ્રમાણે આ પુસ્તકાલય કૉન્ક્રીટના શેલમાંથી બનાવાયેલ 'આર્કિટેક્ચરલ લૅન્ડસ્કેપ' સમાન છે. વળી આ પુસ્તકાલય આજુબાજુની પરિસ્થિતિ સાથે કોઈ પણ પ્રકારના ઘર્ષણ કે વિરોધ વગર ગોઠવાઈ જાય છે અને તેનાથી એક પ્રકારની સંવાદિતા ઊભી થાય છે. બાળકો માટે આ એક રસપ્રદ ઘટના કહેવાય.

બિનપરંપરાગત આકાર તેમજ તેને લગતી ટૅક્નૉલૉજીનો રચનાત્મક ઉપયોગ, દીવાલ અને છત વચ્ચેના ભેદની બાદબાકી, વિશાળ બારીઓથી અનુભવાતી મુક્તતા,



બાંધકામની જે તે સામગ્રીનો તકનીકી દૃષ્ટિએ અસરકારક અને સ્થાપત્યની દૃષ્ટિએ રચનાત્મક ઉપયોગ, મોકળાશ સાથે કુદરતી હવા-ઉજાસથી ભરપૂર અને એક પ્રકારની સ્વતંત્રતા આપે તેવું આંતરિક વાતાવરણ, અવરોધરહિત સ્થાનનિર્ધારણ, વળાંકાકાર છતના કારણે આંતરિક 'વૉલ્યુમ'માં મળતી રસપ્રદ વિવિધતા, ચારે તરફથી પ્રવેશ માટેની સંભાવના, ફેરવી શકાય તેવાં રાચરચીલાંને કારણે આંતરિક સ્થાનમાં આવતી લવચીકતા અર્થાત્ ફ્લેક્સિબિલિટી, ઈંટોની તકતીઓથી મઢાયેલ છતમાં અનુભવાતો તંબુ જેવો ભાવ, સમગ્ર આકારમાં પ્રતીત થતી હળવાશ તેમ જ પ્રવાહિતા, દરેક વિદ્યાર્થીને પોતાની પસંદ પ્રમાણેનું સ્થાન મળવાની સંભાવના અને સમગ્રતામાં કુદરતી શિલ્પની પ્રતીતિ કરાવતી આ રચના છે એમ કહી શકાય.

સ્થાપત્યમાં, ઉપયોગિતા પ્રમાણે આકાર નક્કી કરવાનો હોય કે પૂર્વનિર્ધારિત આકારમાં ઉપયોગિતા ગોઠવવાની હોય, બેમાંથી કયો માર્ગ યોગ્ય છે, ઇચ્છનીય છે તે વિશે વર્ષોથી ચર્ચા ચાલી રહી છે. એક પક્ષ એમ કહે છે કે ઉપયોગિતા મુજબ આકાર નિર્ધારિત થવો જોઈએ. તેમની દલીલ પ્રમાણે, આમ કરવાથી વધુ કાર્યક્ષમ સ્થાપત્યનું નિર્માણ થઈ શકે. તેમની વાત સાચી પણ છે. બીજો પક્ષ એમ કહે છે કે જો ઉપયોગિતામાં લવચીકતા હોય તો પ્રથમ આકારની પસંદગી કરવાથી વધુ સુંદર સ્થાપત્યનું નિર્માણ થઈ શકે. આ તર્ક પણ સાચો છે. ઉપયોગિતા કઈ છે તેને આધારે નક્કી કરી શકાય કે પ્રથમ આકાર પસંદ કરવામાં આગળ જતાં કોઈ તકલીફ તો નહીં પડે ને. આ પુસ્તકાલયમાં પહેલાં આકાર નિર્ધારિત કરાયો છે. એનું કારણ એ હોઈ શકે કે પુસ્તકાલયમાં દરેક વ્યક્તિનું સ્થાનનિર્ધારણ વિસ્તારના નાનકડા એકમ તરીકે હોઈ શકે. આ એકમની ગોઠવણીમાં ઘણી સંભાવના રહે. આ સંભાવનાને જો જાળવી રાખવી હોય તો એ પ્રકારનું પુસ્તકાલય બનાવવું પડે કે જેમાં આ આમ જ થાય તેવી ધારણા ન બાંધી શકાય. આ પુસ્તકાલયની જગ્યાની ઉપયોગિતામાં આ પ્રકારની સંભાવનાને જાણે વણી લીધી છે. આ એ પ્રકારની સ્થાપત્યરચના છે જેમાં પહેલાં આકારની પસંદગી કરવામાં આવી છે અને પછી તેમાં ઉપયોગિતા સરસ રીતે ગોઠવી દેવાઈ છે. શાળામાં, શાળાના પુસ્તકાલયમાં આ એક ઇચ્છનીય સ્થાપત્યકીય ઘટના કહેવાય.

**(અનુસંધાન ૩૩મા પાને)**

નવી પહેલ

# વક્તૃત્વ સજ્જતા અભિયાન : દ્વિતીય સોપાન

દર્શા કિકાણી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ખાતે શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્રના ઉપક્રમે 'વક્તૃત્વ સજ્જતા અભિયાન, નવી પહેલ' શૃંખલાની બીજી કડી રૂપે ધોરણ ૮થી ૧૨ના વિદ્યાર્થીઓનો વક્તૃત્વ સજ્જતાનો કાર્યક્રમ છઠ્ઠી સપ્ટેમ્બરના રોજ વિશ્વકોશભવનમાં યોજવામાં આવ્યો, જેમાં (૧) શારદામંદિર, અંગ્રેજી માધ્યમ, (૨) શારદામંદિર, શિશુમંદિર, (૩) શારદામંદિર, વિનયમંદિર, (૪) શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલ, (૫) દીવાન બલ્લુભાઈ ઉચ્ચ માધ્યમિક શાળા, કાંકરિયા, (૬) દીવાન બલ્લુભાઈ પ્રાથમિક શાળા, કાંકરિયા અને (૭) સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, લોયલા - એ સાત સ્કૂલોના કુલ ૨૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દરેક વિદ્યાર્થીને પોતાના વિચારો (ગુજરાતી, અંગ્રેજી અથવા હિન્દી ભાષાના વિકલ્પો સાથે) રજૂ કરવા માટે પાંચ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. ચાર વિદ્યાર્થીઓએ પોતાના વક્તવ્યમાં સુંદર અવાજમાં ચારણકન્યા જેવી કવિતા અને અન્ય ગીતો પણ વણી લીધાં હતાં. વક્તવ્યના અંતે દરેક વિદ્યાર્થીને નાનો ગુજરાતીકોશ આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.

અલ્પા શાહે વિશ્વકોશ-ગીત તથા 'જય જય ગરવી ગુજરાત'ના ગીતથી કાર્યક્રમની શરૂઆત કરી હતી. પ્રીતિ શાહે વિદ્યાર્થીઓ, શિક્ષકો, આમંત્રિત મહેમાનોને ગુજરાત વિશ્વકોશની અનેકવિધ પ્રવૃત્તિઓનો સંક્ષિપ્તમાં પરિચય કરાવ્યો. 'આપણા ગુજરાતની ગૌરવગાથા' એ વિષય પર એના અલગ અલગ પાસા વિશે વિદ્યાર્થીઓએ પોતાનાં વક્તવ્યો સરસ રીતે રજૂ કર્યાં.

મીઠી ભાષા બોલતા, ખમીરવંતા, મોજીલા, ઉદ્યમી, ગૌરવશાળી ગુજરાતી લોકોનો પરિચય વિદ્યાર્થીઓએ કરાવ્યો. ગુજરાતની સંસ્કૃતિ અને પરંપરા તથા ઉત્સવો વિશે વાત કરી હતી. ગુજરાતી નેતાઓની શરૂઆત મથુરાથી રણ છોડી દ્વારકા આવનાર કૃષ્ણથી થઈ. મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ અને નરેન્દ્રભાઈ મોદી સુધી વાતો થઈ તો ઉદ્યોગપતિઓની વાતમાં તાતા, અંબાણી અને અદાણીની વાતો થઈ. વિજ્ઞાની વિક્રમ સારાભાઈને પણ યાદ કર્યા.

ગુજરાતનાં ઐતિહાસિક, પૌરાણિક, જોવાલાયક સ્થળો જેવાં કે દ્વારકા, સોમનાથ, અડાલજની વાવ, રાણીની વાવ, સાબરમતી આશ્રમ, સ્ટેચ્યૂ ઑવ્ યુનિટી વગેરેનો ઉલ્લેખ ઘણા વિદ્યાર્થીઓએ કર્યો. ખાણીપીણીપ્રિય ગુજરાતીઓની વાનગીઓ વિશે પણ રસિક રીતે વક્તવ્ય આપ્યું.

ગુજરાતના સર્જકો, સાહિત્યકારો અને કલાકારો જેવા કે કવિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, નરસિંહ, નર્મદ, પ્રેમાનંદ, કાન્ત, કલાપી, ગોવર્ધનરામ ત્રિપાઠી, ઝવેરચંદ મેઘાણી, દુલાભાયા કાગ, ગૌરાંગ વ્યાસ, રવિશંકર રાવળ, કનુ દેસાઈ વગેરેનો વિદ્યાર્થીઓએ પરિચય કરાવ્યો. સાથે સાથે રંગમંચના કલાકારો ઉપેન્દ્ર ત્રિવેદી અને જયશંકર 'સુંદરી'ની વાતો પણ થઈ. ગુજરાતની હસ્તકલાઓમાં કચ્છનું ભરતકામ, પાટણનાં પટોળાં વગેરે ઉપર પણ સરસ વક્તવ્યો થયાં.

રણ, પર્વત, સમુદ્ર, મેદાનો, જંગલોથી સમૃદ્ધ ગુજરાત અને તેની વન્ય સૃષ્ટિ એટલે કે ગીરનાં જંગલો એશિયાટિક લાયન, ગુજરાતનાં અન્ય અભયારણ્યો, દાહોદ, જામ્બુઘોડા, કચ્છ, જેશોર તથા અન્ય ઉપવનોની ઓળખાણ પણ વિદ્યાર્થીઓએ કરાવી.

ગુજરાતની સંસ્થાઓના વિષય પર (IIM-A) ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ અમદાવાદ, ATIRA, વર્નાક્યુલર સોસાયટી, પ્રેમાનંદ સાહિત્ય સભા, નર્મદ સાહિત્ય સભા, ગૂજરાત વિદ્યાપીઠનો પરિચય કરાવવામાં આવ્યો હતો. નૃત્ય સંસ્થા દર્પણનો ઉલ્લેખ પણ થયો.

વિદ્યાર્થીઓના વક્તવ્ય બાદ પ્રાસંગિક પ્રવચનમાં દર્શા કિકાણીએ ભાષા-શિક્ષણનાં મુખ્ય ચાર કૌશલ્યો : બોલવું, સાંભળવું, વાંચવું અને લખવું - એ વિશે વાત કરતાં કહ્યું કે બાળક બોલતાં તો બે વર્ષની ઉંમરમાં શીખી જાય છે પણ ક્યારે બોલવું, શું બોલવું અને કેવી રીતે બોલવું તે શીખતાં આખી જિંદગી નીકળી જાય છે! શિક્ષકો અને વાલીઓની મહેનતને બિરદાવતાં કહ્યું કે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો - બધાંએ હાથમાં હાથ મિલાવી કાર્ય કરતા રહેવું પડશે.

શ્રી કુમારપાળભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓને આશીર્વચન આપતાં મહેનતનું મહત્ત્વ સમજાવ્યું અને એક અપંગ ખેલાડીના પ્રેરણાદાયક પ્રસંગોની વિગતે વાત કરી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો. કાર્યક્રમના અંતમાં દરેક વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપી તેમનું અભિવાદન કર્યું તથા આવા કાર્યક્રમોમાં ભવિષ્યમાં સામેલ થવા કહ્યું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓનાં વક્તૃત્વકૌશલ્યની સાથોસાથ વિષયની પ્રભાવક રજૂઆતનો અનુભવ થયો.

---

**(૩૧મા પાનાનું ચાલુ)**

એમ કહી શકાય કે સ્થપતિએ આ રચનામાં શાળાનાં મકાનોની જે પરંપરાગત ધારણા છે તેમાંથી બહાર નીકળવાનો સફળ પ્રયત્ન કર્યો છે. એમ કહી શકાય કે બાળસહજ નિર્દોષતા તેમજ મુક્તતા આ પુસ્તકાલયમાં પ્રતિબિંબિત થાય છે. એમ કહી શકાય કે અહીં જમીન અને મકાનનું જોડાણ રચનાત્મક પણ છે અને અર્થપૂર્ણ પણ છે. એમ કહી શકાય કે આ રચનાથી બાળકોની ભાવનાને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન કરાયો છે. એકંદરે આ પુસ્તકાલય વિદ્યાર્થી, શિક્ષકો અને સંસ્થાને ગૌરવની અનુભૂતિ કરાવવા સમર્થ છે.

વિશ્વકોશવૃત્ત

# આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ઓનલાઇન કાર્યક્રમ

◈ **૧૫ નવેમ્બર, ૨૦૨૫, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : વર્તમાન સમયમાં હસ્તપ્રતનું મહત્ત્વ
વક્તા : શ્રી પ્રીતિ પંચોલી

◈ **૧૯ નવેમ્બર, ૨૦૨૫, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : અધ્યાત્મ એટલે શું ? (ધર્મ, સંપ્રદાય, મત, પંથ, નૈતિકતા અને અગમ્યતાથી આગવું છે અધ્યાત્મ)
વક્તા : શ્રી નરેશ વેદ

### ઓફલાઇન કાર્યક્રમ

### માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

◈ **૧૩ નવેમ્બર, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૫-૦૦**
વિષય : કૃદંત અને અનુસ્વાર
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

◈ **૨૭ નવેમ્બર, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૫-૦૦**
વિષય : અનુસ્વાર
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

### આસ્વાદ

◈ **૧૫ નવેમ્બર, ૨૦૨૫, શનિવાર : સવારે ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં ‘બોધકથાઓમાં જીવનકળા’ વિશે વિખ્યાત મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ, ટ્રેનર, લેખક શ્રી બી. એન. દસ્તૂર વક્તવ્ય આપશે.

**વિશ્વકોશ દ્વારા પ્રકાશિત અન્ય સામયિકો**

‘વિશ્વા’ ત્રૈમાસિક, વાર્ષિક લવાજમ : ૨૦૦/- રૂ.

‘ગુર્જરી ડાયજેસ્ટ’ ત્રૈમાસિક, ત્રણ વર્ષનું લવાજમ : ૫૦૦/- રૂ.

## વિશ્વકોશની ચાળીસ વર્ષની સફરનાં સીમાચિહ્નો

**કોશસર્જન :** ગુજરાતી વિશ્વકોશ ● બાળવિશ્વકોશ ● ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકોનો માહિતીકોશ ● પરિભાષાકોશ ● તબીબી વિજ્ઞાનનો પરિભાષાકોશ ● બૃહદ નાટ્યકોશ.

**હવે પછી :** નારીકોશ (ભાગ ૧થી ૩) ● સંતકોશ ● ગ્રંથાલયવિજ્ઞાનકોશ.

**ગ્રંથશ્રેણી :** વિવિધ વિષયના નિષ્ણાતો દ્વારા લખાયેલાં સાહિત્ય, શિક્ષણ, ધર્મ, વિજ્ઞાન, દર્શન, લોકસંસ્કૃતિ અને વિવિધ કલાઓ પરનાં આધારભૂત પુસ્તકોનું ૭ ગ્રંથશ્રેણી દ્વારા એકસોથી વધુ પુસ્તકોનું પ્રકાશન.

**સામયિક પ્રકાશન :**

- વિશ્વની ગતિવિધિની ઓળખ આપતું મુખપત્ર 'વિશ્વવિહાર' માસિકનું પ્રકાશન, જે યૂટ્યૂબ ચૅનલ (Gujarat Vishvakosh Trust) પર શ્રાવ્ય સ્વરૂપે ઉપલબ્ધ.
- શિષ્ટ અને સંસ્કારી સાહિત્યનું ત્રૈમાસિક 'ગુર્જરી ડાયજેસ્ટ'નું પ્રકાશન.
- સ્ત્રીઓ દ્વારા ચાલતું સાહિત્ય, જ્ઞાન અને કળાનું ત્રૈમાસિક 'વિશ્વા'નું પ્રકાશન.

**વ્યાખ્યાનશ્રેણી :** વિશ્વકોશના જુદા જુદા વિષયોને કેન્દ્રમાં રાખીને વિદ્વાન વક્તા દ્વારા અગિયાર જેટલી વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત ૭૦૦થી વધુ વ્યાખ્યાનો.

**કાર્યશિબિર :** ભરતનાટ્યમ્, સ્વાસ્થ્ય યોગશિબિરો, પ્રજ્ઞાચક્ષુ બહેનો માટે યોગશિબિર, હસ્તપ્રતવિદ્યા, રોબૉટિક્સ, પ્રૂફવાચન, કૅલિગ્રાફી, ભયનિવારણ, બ્રાહ્મીલિપિ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને સર્જનાત્મક લેખનશિબિરનું આયોજન કરવામાં આવે છે.

**ગુજરાતી લૅક્સિકન :** ૪૫ લાખથી વધુ શબ્દો ધરાવતો ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ ઑનલાઈન શબ્દકોશ.

**વિશ્વા :** સાહિત્યકાર શ્રી ધીરુબહેન પટેલની પ્રેરણાથી પ્રારંભ થયેલું બહેનો માટેનું પ્રવૃત્તિકેન્દ્ર.

**સ્પર્ધા :** શાળાના વિદ્યાર્થીઓ માટે સ્વ. હરિકેત પાઠક ચિત્રસ્પર્ધા અને વક્તૃત્વ સજ્જતા અભિયાન.

**ઍવૉર્ડ :** સાહિત્ય, શિક્ષણ, સામાજિક ઉત્થાન, ટૅક્નૉલૉજી દ્વારા પરિવર્તન, ભાષા-સંશોધન, નાટ્યલેખન, ચિત્રકલા ક્ષેત્રે આગવું પ્રદાન કરનારને આપવામાં આવતા દસ જેટલા ઍવૉર્ડ.

Gujarat Vishvakosh Trust | ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

9898042699 | Gujarat Vishvakosh

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahd PSO On 5th every month.





શ્રીધર વ્યાસ દ્વારા સરસ્વતીપૂજન




ડાયસ્પોરા ગુજરાતી સાહિત્ય
સંશોધન કેન્દ્ર



વિદ્યાર્થીઓ માટે વાચનાલય

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે,
ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ,
સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪